
SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

September'2004



" સર્વોપરિ સંપ્રદાયમાં સ્વયં શ્રીહરિના અપર સ્વરૂપ દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા મંત્રવિધિ થાય ત્યારે જ તેમાં પ્રત્યક્ષ પરમાત્માનો વાસ થાય છે. આજ તો આ સંપ્રદાયની વિશેષતા છે. " (લેસ્ટર-યુ.કે.મંદિર)

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



અમેરિકાની ધર્મયાત્રામાં સત્સંગના પ્રાણપ્યારા પ.પૂ.બાળ લાલજી મહારાજે પોતાની અમૃતવાણીથી નાના મોટા સૌ હરિભક્તોને સ્તબ્ધ કરી દીધા હતા.






શિકાગો મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીની સંત-હરિભક્તો સાથેની ભવ્ય પદયાત્રા




શિકાગો મંદિરના પાટોત્સવ પ્રસંગે અભિષેકની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા હરિભક્તોની વિશાળ સત્સંગ સભા.





એડીસન ખાતે પ.પૂ.લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સત્સંગ સભા





હ્યુસ્ટન ટેકસાસમાં સત્સંગ યુવા શિબિરમાં પૂ.લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ જાતે તૈયાર કરેલા કીર્તનો ગાઈને સૌને આનંદિત કર્યા હતા.



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ સપ્ટેમ્બર - ૨૦૦૪

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રી દેવ પૂજા	૫
૪.	તમારું સ્વપ્ન સત્યથાઓ	૭
૫.	ધર્માદા અભિયાનના શ્રી ગણેશ	૧૨
૬.	ભગવાનની મૂર્તિને વિષે મરણભાવ ન કલ્પવો	૧૬
૭.	અમદાવાદ મંદિરમાં પવિત્ર અધિકમાસ ની ઉજવણી	૧૭
૮.	હેતને હિંડોળે	૨૩
૯.	સત્સંગ બાલવાટિકા	૨૬
૧૦.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૭

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

જ્ઞાન અને પ્રકાશનો વ્યાપ એવો છે કે તેનો ઉદય થતાની સાથે સર્વત્ર વ્યાપવા મંડે છે. જેમ સૂર્યનો ઉદય થાય એટલે ગમે તેવો ઘનઘોર જંગલના અંધકારમાં પણ પ્રકાશની કિરણો વ્યાપી જાય છે. તેમજ પરમેશ્વરના સ્વરુપના જ્ઞાનથી આત્યન્તિક મોક્ષ અપાવનારું જ્ઞાન સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે પ્રગટાવ્યુ ત્યારથી આરંભી ને અત્યાર સુધીમાં દુનિયાના ખૂણા સુધી પહોંચવામાં કોઈ છેડો બાકી રહ્યો નથી. જેને પ્રાચીન શાસ્ત્રોમાં અનાર્ય પ્રદેશો કહેવામાં આવતા ત્યાં પણ આવા જ્ઞાન સ્વરૂપી પ્રકાશ પથરાઈ ગયો છે. અને આપણા પરમહંસો કહેતાં કે પાંદડે પાંદડે "સ્વામિનારાયણ" નામ ગુંજતું કરવું છે. તે સાર્થક થઈ રહ્યું છે. જેમ કે હમણાં જ આપણા પરમ પૂજ્યપાદ્ આચાર્ય મહારાજશ્રીએ બ્રિટનના લેસ્ટર શહેરમાં આપણા શિખરબધ્ધ મંદિરમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને સમગ્ર બ્રિટનનાં હરિભક્તો માટે શિક્ષાપત્રીની આજ્ઞાનુંસાર ઉપાસ્ય સેવ્ય શ્રીહરિના સ્વરૂપની ત્યાં વસતા સૌ ભક્તોને સુલભ કરાવ્યું. જેથી એવા પશ્ચિમના દેશોમાં વસતા મુમુક્ષુઓના ધન્ય ભાગ્ય થઈ ગયા. તેમજ અમેરિકાના ડિટ્રોઈટમાં આગમી ૧૨મી ઓગસ્ટના શુભ દિવસે વિશાળ શિખરબધ્ધ મંદિરમાં આ સમાચાર મળશે ત્યાં સુધીમાં સાકાર સ્વરૂપે શાસ્ત્રાનુંસાર અને ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૬૨માં શ્લોકમાં કહેલ નિયમાનુંસાર મોક્ષદાતા સ્વરૂપ વિરાજમાન થઈ ચૂક્યું હશે. અને અમેરિકામાં વસતાં અસંખ્ય ભક્તોને સાક્ષાત્કાર થશે. તેવા પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારા શ્રીહરિના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શ્રી ચરણોમાં ત્યાં રહેતા જગતના જીવો નત મસ્તકે પ્રણામ કરતા હશે. તો આપણે પણ સાથે આ દિવ્ય લાભ પ્રાપ્ત કરી લઈએ તેવી પ્રભુ પ્રાર્થના.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ – ૨૦૦૪)

૧. અધિક માસ નિમિત્તે શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે કર્યું.
પ.ભ. પ્રદિપભાઈ નંદુભાઈ પટેલને ત્યાં પધરામણી, પાલડી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર, જીવરાજપાર્ક પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીની પારાયણ પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા, રાણીપ.
પ.ભ. અશ્વિનકુમાર પ્રભુદાસ સોનીને ત્યાં પધરામણી, નવા વાડજ.
પ.ભ. વિનોદભાઈ જી. શેલતને ત્યાં પધરામણી, એલીસબ્રીજ.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર, પધરામણી.

૬. શ્રી સ્વામિનારાયણ મદિર હિંમતનગર સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ, બાપુનગર મહાપૂજા પ્રસંગે પધરામણી.
પ.ભ. મુકુન્દભાઈ શંભુભાઈ પટેલને ત્યાં પધરામણી, બાપુનગર.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર અધિકમાસ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ (નવા નરોડા) પધરામણી.
ડીવાઈન માઈકો પેક લેબોરેટરી (શ્રીઘનશ્યામભાઈ કાનાણી)ના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી બાપુનગર.
પ.ભ. ગાંડાલાલ કાળીદાસને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૯. પ.ભ. બિપિનચંદ્ર શાંતિલાલ કા.પ.ને ત્યાં બાલાસિનોર પારાયણ પ્રસંગે પધરામણી.

૧૦. પ.ભ. મહેશકુમાર આર. માંડલીયાના "આર.એચ. ઝવેરી" જ્વેલર્સના શોરૂમમાં પધરામણી, શિવરંજની ચાર રસ્તા.

<u>વિદેશ ધર્મયાત્રા</u>

૧૨ થી ૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર "I.S.S.O., U.K." માં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી અને ઈંગ્લેન્ડના વિલ્સડન લેન, વુલવીચ, હેરો, ઓલ્ડહામ, એજવેર, સ્ટ્રેધામ, કાર્ડિફ બોલ્ટન, ઈસ્ટ લંડન અને બ્રાઈટન આદિ મંદિરોમાં પધરામણી અને ગુરુ મંત્ર-આશીર્વાદ અને જાહેર સત્સંગ સભાઓ થઈ.

૨૪. સ્વદેશ લંડનથી મુંબઈ થઈ અમદાવાદ પધાર્યા.

૨૫. પ.ભ. સંજયકુમાર મુલચંદાસ મોદીને ત્યાં પધરામણી, ચાંદલોડીયા. પ.ભ. ભાવસાર ભગવાનદાસ હિંમતલાલ દ્વારા આયોજીત કોન્ટેમ્પટરરી આર્ટગેલેરીમાં પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, એલીસબ્રીજ.

૨૬. કાંકરિયા મંદિર હિંડોળા ઉત્સવમાં પધાર્યા.


૨૭. પ.ભ. બચુભાઈ ડાહ્યાભાઈ અમીનને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, વેજલપુર.
પ.ભ. સુરેશભાઈ બચુભાઈ પટેલને ત્યાં પધરામણી, વેજલપુર.
પ.ભ. ગૌતમભાઈ કાંતિલાલ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. હર્ષદભાઈ શાંતિલાલ સોનીને ત્યાં પધરામણી, જોધપુરગામ.
પ.ભ. રસિકલાલ ચંદુલાલ અને પ.ભ. વિનોદકુમાર અમૃતલાલને ત્યાં પધરામણી, રાણીપ.

૨૮. પ.ભ. રમેશભાઈ પરસોત્તમભાઈને ત્યાં પધરામણી, શાહીબાગ.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાપાર્ક પારાયણ પ્રસંગે પધરામણી.
અ.નિ.પ.ભ. હિરાભાઈ જોઈતારામ પટેલના અક્ષરનિવાસ નિમિત્તે આયોજીત સત્સંગ સભા અને ધૂન પ્રસંગે પધરામણી, સ્વા. મંદિર, નારણપુરા.

૨૮. પ.ભ. નટવરભાઈ બેચરદાસ પટેલને ત્યાં પધરામણી, શાહીબાગ.

૨૯. મોરબી ગામે પ.ભ. લાલજીભાઈ પટેલના સ્વાગત સિરામિકના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.
પ.ભ. પ્રફુલભાઈ ડાહ્યાભાઈ ઠક્કરને ત્યાં હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધરામણી, વસ્ત્રાપુર.

૩૧. પ.ભ. દિનેશભાઈ મફતલાલ પટેલના ઘનશ્યામ જ્વેલર્સના (ભાઉપુરાવાળા) ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નરોડા.
પ.ભ. બળવંતભાઈ ડી. ડોબરીયાની દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, બાપુનગર.
પ.ભ. અરવિંદભાઈ ભગવાનભાઈ પટેલ અને પ.ભ. બેચરભાઈ પચાણભાઈ પરમાર (ટીંબાવાળા)ને ત્યાં પધરામણી, નરોડા.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ – ૨૦૦૪)

૨૩ જુલાઈથી ઓગસ્ટ ૦૪ વિદેશ ધર્મયાત્રા શિકાગો મંદિર પાટોત્સવ, હ્યુસ્ટન (ટેકસાસ) સત્સંગ યુવા શિબિર અને એડીસન ન્યુજર્સી અને ફ્લોરિડામાં પધરામણીઓ, જાહેર સત્સંગ સભાઓ અને આશીર્વાદ આદિ પ્રસંગો ધામધુમથી સંપન્ન થયા.

લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ઈંગ્લેન્ડમાં બી.જી.એસ. સંસ્થાપિત આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટરમાં જ્યારથી હરિ મંદિરનું નિર્માણ કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારથી સત્સંગ વધુને વધુ વિસ્તરતો ગયો છે. પહેલા અહીંયા મોટું જુગારખાનું અને બાર હતું. અહીંયા અનેક લોકોના જીવન બરબાદ થતા હતા. પરંતુ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને અહીં બિરાજવાનો સમય પાકી ગયો હતો. જેથી શ્રીહરિના અપર સ્વરૂપ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ જગ્યાને મંદિર માટે સંપાદિત કરીને હજારો લોકોના જીવન ઉજાળવાનું અને મોક્ષ, કલ્યાણનો માર્ગ સરળ બનાવવાનો સંકલ્પ કર્યો. અને જ્યાં ટૂંક સમયમાં ભવ્ય મંદિર નિર્માણ થયું. ત્યાર પછી તો જેમ જેમ હરિભક્તોની સંખ્યા વધતી ગઈ તેમ તેમ મંદિર પણ સાંકડું લાગવા માંડ્યું. દર વર્ષે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધારીને અત્રેના સત્સંગને બળ અને પ્રેરણા પુરી પાડે છે. તેઓશ્રીના દર્શન માત્રથી કેટલાય નવા આશ્રિતો સત્સંગમાં આવ્યા છે. મૂળ સંપ્રદાયની ઓળખાણ થાય ત્યારે ગમે તેવો જીવ પણ અહીં દોડીને આવે છે.

તા. ૧૬-૮-૦૪ થી ૨૨-૮-૦૪ પર્યન્ત લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ વિષ્ણુયાગ જેવા ધાર્મિક કાર્યક્રમો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થયા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે પધારેલા પૂ. પી.પી. સ્વામીએ હરિભક્તોને પોતાની દિવ્ય વાણીનો લાભ આપી મૂળ સંપ્રદાય-સર્વોપરી શ્રી નરનારાયણદેવની ધર્મવંશી ગાદી પીઠ સ્થાનનો મહિમા માહાત્મય સહિત જ્ઞાનામૃતનો લાભ આપ્યો.

તા. ૨૨-૮-૦૪ના સર્વોપરિ શ્રી બાળ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે વેદ વિધિસર અને ધામધુમથી સંપન્ન થઈ. હજારો ઈંગ્લેન્ડના આપણા મંદિરના હરિભક્તોએ દર્શન કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા. હરિભક્તોનો ઘણા વરસોનો સંકલ્પ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા દ્રષ્ટિથી પરિપૂર્ણ થયો. આમ ઈંગ્લેન્ડમાં લેસ્ટર શહેરમાં ગુજરાતીઓ માટે અને ધાર્મિક જનો માટે હરિ મંદિરમાંથી મોક્ષરૂપી શિખરબધ્ધ મંદિર નિર્માણ થયું.

હરિભક્તોની ખુશાલી આનંદની કોઈ સમી ન રહી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે યુ.કે.ના આપણા દરેક મંદિરોમાં દર્શનાર્થે પધારીને હરિભક્તોને ખૂબજ રાજી કરીને આશીર્વાદ આપ્યા. ૧૨ દિવસની ધર્મયાત્રા પરિપૂર્ણ કરી તા. ૨૪-૮-૦૪ના સ્વદેશ અમદાવાદ પધાર્યા.

(પી.પી. સ્વામી, જેતલપુર)

શ્રીદેવ પૂજા

– પ્રો. હિતેન્દ્રભાઇ નારણભાઇ પટેલ

મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણના પુનિત પગલાંથી પાવન થયેલું, ગાયકવાડ મહારાજાથી સુપેરે રક્ષાયેલું, સ.ગુ. મુનિવર્ય ગોપાળાનંદસ્વામીએ રેડેલા સંસ્કારોથી યુક્ત એવું વડોદરા શહેર ચતુવર્ણોના નિવાસથી શોભી રહ્યું છે. રાજકાજના દરબારીઓમાં અનેક ચુનંદા અને ચુસ્ત 'સ્વામિનારાયણીય' હરિભક્તો આગવું સ્થાન શોભાવી રહ્યા છે.

બાપુભાઈ નામે એક સરવરિયા વિપ્ર એક કર્તવ્યનિષ્ઠ સિપાઈ તરીકે દરબારમાં ફરજ બજાવી રહ્યા છે. તેને મહારાજે સ્વયં એક મૂર્તિ દિનપ્રતિદિન પૂજવા માટે આપી. તે મૂર્તિની પૂજા કર્યા સિવાય આ હરિભક્ત જળ પણ ગ્રહણ કરતા નથી. પરંતુ દરરોજ પૂજા કરવાની ઘરેડમાં એક વખત મોહ-માયાને વશ થઈ તેમણે મૂર્તિમાંથી 'સાક્ષાત્' પણાનો ભાવ ભૂલી જઈને 'મૂર્તિ'પણાનો ભાવ આરોપ્યો અને ઉતાવળમાં, એક કિંમતમાં ઘણો જ સસ્તો, એવો હાર મૂર્તિને પહેરાવ્યો.

ભગવાન તો મૂર્તિમાં રહીને ભક્તના ભાવ-કુભાવને પ્રત્યક્ષપણે નિહાળે છે. તે મૂર્તિમાં રહેલા સાક્ષાત્ ભગવાને તે હલકો હાર દૂર ફગાવી દીધો અને ભક્તને ઊપદેશ આપતાં કહ્યું કે મારામાં મૂર્તિભાવ ક્યારેય આરોપીશ નહિ હું તો સદાય પ્રત્યક્ષ રહેલો છું.

આપી મૂરતી મહારાજે એક, પૂજી જળ લેવું એવી ટેક ॥
તેને અર્થે લાવ્યો એક હાર, ધર્યો મૂરતિને નિરધાર ॥
હાર હળવો જોઈ મૂરતિ, નાખ્યો ફગાવી અળગો અતિ ॥
પછી બોલી છે મૂરતિ એમ, હાર હળવો ચડાવે છે કેમ ॥
બીજે વાવરે છે બહુ ધન, ત્યાં તો મોકળું રાખે છે મન ॥
ત્યારે બાપુએ જોડ્યા છે હાથ, એ તો ભૂલ્ય ઓળખાવી નાથ ॥
ધન્ય સામર્થી તમારી સ્વામી, આજ પરચો પામ્યો હું બહુનામી ॥

(ભ. ચિ. પ્ર. ૧૪૫ કડી ૩૭-૪૦)

દેશકાળાદિકને અનુસારે તથા પોતાની સામર્થી હોય તે પ્રમાણે પૂજાની સામગ્રી એકઠી કરીને, પ્રભુની પૂજા કરવી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પરચો માત્ર તે જ બાપુભાઈને થયો તેમ નથી. આપણને દરેક સત્સંગીમાત્રને શ્રીજી મહારાજે સ્વયં કહ્યું છે કે, "અમારી આપેલ.... જે એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડે જ છે. એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં....."

(ગ.પ્ર. ૪૮)

શ્રીજીએ આપેલી, તેમની પ્રસાદીની, કે તેમના અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્યશ્રીએ આપેલી મૂર્તિમાં કદાપિ પાષાણભાવ ધાતુભાવ, કે કાગળ ભાવ ક્યારેય કલ્પવો નહિ. તેમ કલ્પવા માત્રથી જ અક્ષમ્ય દોષ લાગે છે. મહારાજે બાપુભાઈને જે ઠપકો આપ્યો તે આપણને પણ લાગું પડે છે. ભગવાનને રાજી ન કરી શકાય તો કાંઈ નહિ પરંતુ તેમનો કોપ વહોરી લેવાનું કાર્ય ન જ કરવું.

સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાનો લોપ
રાજી કરવાનું રહ્યું પરું, પણ ન કરાવીયે હરિને કોપ ।

(વચનવિધિ કડવું ૪ કડી ૫)

શ્રીજી મહારાજના શબ્દોને અક્ષરદેહ આપતાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

બીજી મૂરતિ ને આ જે મૂરતિ રે, તેમાં ફેર જાણજ્યો છે અતિ રે ।
કાં જે આ મૂરતિને સ્પરશ રે, થયો અમારો માટે સરસ રે ॥

(પુ. પ્રકાશ પ્રકાર ૪૫ કડી ૧૪)

વૈષ્ણવ સંપ્રદાયમાં પૂજાવિધિ તો ભક્તિનું અવિભાજ્ય અંગ છે. તેનાથી ભક્તને ભગવાનમાં પ્રેમ થાય છે. શ્રીજી મહારાજે તો બાહ્ય પૂજાની સાથે સાથે આપણને 'માનસી' પૂજાની રીત પણ બતાવી (ગ.અં. ૨૩) અને જણાવ્યું કે 'માનસી તથા બાહ્ય' પૂજાનું ફળ પણ એક સરખું જ છે. પણ શરત માત્ર એટલી જ છે કે તે સંપૂર્ણ શ્રધ્ધા અને ભાવથી, દેશકાળાદિક પ્રમાણે યથા વિધિ અને યથાશક્તિ થવી જોઈએ.

જેને મહાભારતના અઢાર હજાર શ્લોકો કંઠસ્થ હતા તેવા મૂર્ધન્ય

વિદ્વાન દિનાનાથભટ્ટ પણ પ્રભુને પ્રાર્થના કરે છે કે,

न जाने धर्माणामतिगहनकर्तव्यसरणिम्
न शास्त्रं मंत्राणां न च विविधतंत्रागमविधिम् ।
न वा भक्तैः कृत्यं तवचरणपद्मार्चनविधिम्
ततो वन्दे दीनस्तव पदयुगं दंडवदहम् ॥

(જુદાં જુદાં ધર્મો અને કર્મોની અતિ ગહન કર્તવ્યસરણિ, એટલે ક્યો ધર્મ અને ક્યું કર્મ પાળવા યોગ્ય છે અને ક્યો ધર્મ અને ક્યું કર્મ પાળવા યોગ્ય નથી, તેના વિવેક વિચારની દૃષ્ટિ મારામાં નથી. હું શાસ્ત્રો, મંત્ર-તંત્ર પુરાણો વગેરેની કોઈ વિધિ-કોઈ જ્ઞાન જાણતો નથી. મેં આપના ચરણકમળનું વિધિવત્ અર્ચન-પૂજન પણ કરેલું નથી. એવો હું દીનાનાથભટ્ટ આપના ચરણકમળમાં અતિદીન ભાવે, માત્ર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું.

(શરણાષ્ટક શ્લો. ૮)

સ.ગુ. શ્રી શતાનંદમુનિ સ.જી. પ્રકરણ પાંચમાં અધ્યાય ૭ માં પૂજાવિધિનો ઉલ્લેખ કરતાં કહે છે કે

સ્થિર પ્રતિમાઓ શાલિગ્રામ તથા બાણલિંગના પૂજનમાં આવાહન્ અને વિસર્જન ન કરવું શાલિગ્રામના પૂજનમાં અક્ષતનો નિષેધ છે. તુળસી વડે ગણપતિની પૂજા ન કરવી, બિલિપત્ર વડે સૂર્યની પૂજા ન કરવી, ચંપા તથા કેવડા વડે શિવની પૂજા ન કરવી, ધતુરાના પુષ્પો તથા આકડાના પુષ્પો વડે વિષ્ણુની પૂજા ન કરવી.

તુળસીપત્ર પણ વૈધૃતિયોગ વ્યતિપાત મંગળવાર, શુક્રવાર, રવિવાર, પૂર્ણિમા, અમાસ, સકાંતિ, એકાદશી, દ્વાદશીના દિવસે ન તોડાય જન્મ-મરણના સૂતકમાં, પ્રાતઃ સંધ્યા તથા સાયં સંધ્યા સમયે તેમજ રાત્રીને સમયે પણ ન તોડાય. વાસી જળ-પત્ર-પુષ્પથી પૂજન ન થાય. (જો માળીએ પોતાને ઘેર રાત્રિએ રાખીને બીજે દિવસે લાવ્યા હોય તો તેમાં વાસીપણાનો દોષ નથી. પરતું જો પૂજકના ઘરમાં આગલી રાત્રે લાવીને મૂકી રાખ્યું હોય તો તે વાસી ગણાય તેનાથી પૂજન ન થાય) બીલીપત્ર તમાલ આમળી અને તુલસીપત્રમાં વાસીપણાનો દોષ નથી.

આજના ભાગદોડના જમાનામાં આ બધું વાંચવા-વિચારવા સમજવા કે વર્તવાની શ્રધ્ધા ઘટતી જાય છે. પરંતુ આપણા ગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપણા કલ્યાણ અર્થે અહોરાત્રી દાખડો કરે છે. તેથી દેવમંદિરોમાં વિધિવત્ પૂજન થાય તેની તેઓ હંમેશા તકેદારી રાખે જ છે.

જેતલપુર મંદિરમાં શ્રી રેવતી-બળદેવજી-હરિકૃષ્ણ મહારાજ બિરાજમાન છે. ત્યાંના મહંત સ્વામીશ્રીએ એક સુંદર આયોજન કર્યું છે કે, દરરોજ બ્રાહ્મમૂહૂર્તમાં ત્યાંથી અમદાવાદ આવીને જરૂરી પુષ્પો વગેરે ખરીદી, મંદિરમાં જ સવારે પવિત્રપણે ઠાકોરજીના અર્થે કલામય હારની ગૂંથણી કરવી અને તે જ હાર મંદિરમાં બિરાજમાન આઠેય પ્રતિમાઓને ધરાવવા. ખૂબ દાખડાપૂર્વકની આ સેવાના આયોજનથી વેદવિધિનું પાલન થાય, મહારાજ રાજી થાય અને હરિભક્તોને અતિસુંદર દર્શન થાય. અત્રે એક સ્પષ્ટતા કરું કે, સેવા ઊઘરાવવાના આશયથી નહિ પરંતુ માહિતીના હેતુઓ સારું લખું છું કે, આ બધા માટે પ્રતિદિન રૂા બસોના ફાળાથી જ યજમાન થવાય છે. જેતલપુર મંદિરમાંથી તે સેવા નિમિત્તે પાકી પહોંચ મળે છે. આપણને આખા વર્ષ દરમ્યાન ભગવાન ઘણી વખત રાજીપાનો હાર કે માંદગી વખતે પ્રસાદીનો હાર પહેરાવે જ છે. તો આપણે પણ આવા સુંદર આયોજનમાં સહભાગી થઈ પ્રભુ સેવાની તક ઝડપી લેવી હિતાવહ છે.

અમદાવાદ કાલુપુર શ્રી નરનારાયણદેવના મંદિરમાં આ જ પ્રકારની સેવા ઘણા વર્ષોથી નિયમિતપણે ચાલે છે. અને તેના પ્રતાપે જ આપણને ભગવાનના હૃદયમાં ઊતરી જાય તેવા સુંદર દર્શન થાય છે.

ગમે તેવો હારેલો વ્યક્તિ પણ જો ભગવાનને હાર પહેરાવે તો તેની હારની બાજી જીતમાં પલટાઈ જાય તે નિઃસંશય છે. પ્રભુને હાર અર્પણ કરવામાં હાર ન પામશો.

તમારું સપનું સત્ય થાઓ

– ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)



સત્તા, શક્તિ અને માન મળે ત્યારે માણસનું પોત કેવું છે તે પરખાઈ જાય છે. એક વિદ્વાને કહ્યું છે કે માણસની માણસાઈ માપવી હોય તો તેને સત્તા આપો. દૈવી હોય તે વધુ દીનતા અને નમ્રતા દાખવે છે. દુષ્ટ હોય તે અહંકારી, અભિમાની અને અક્કડ બનતો જાય છે. વધુ સત્તા અને વધુ સન્માન માટે ફાંફાં મારે છે. માણસે કરેલી મોટી મોટી ભૂલો તપાસશો તો તેના મૂળમાં અહંકાર જ જણાશે. અહંકાર અને અભિમાન નિર્મૂળ થાય ત્યારે વિનમ્રતા પ્રગટે છે. ઈશ્વરત્વ ઉદય થાય છે.

રામાનંદ સ્વામીના શિષ્ય મંડળમાં ઉપર કહ્યું તેવા બે પાત્રો હતા. બંને પાત્રો પોતપોતાની રીતે પ્રભાવસાળી હતા. એક હતા સ્વામી રામદાસજી બીજા હતા રઘુનાથદાસજી. બંન્નેના વિચાર, વાણી અને વર્તન વિલક્ષણ હતા. રામદાસજી સરળ હૃદયના પૂરેપૂરા સજ્જન અને ગુરુના કૃપાપાત્ર હતા. જ્યારે રઘુનાથદાસજી બહુ મહત્વાકાંક્ષી અને સત્તાભિમુખી હતા. સેવકોમાં વરિષ્ટ હોવાથી ગુરુની ગાદી પ્રાપ્ત કરવાનું સ્વપ્ન સેવતા હતા. પોતે ભણેલા હતા. વ્યક્તિત્વ સારું હતું. બત્રીસ બ્રહ્મવિદ્યા, ષટચક્ર ભેદન, સમાધિ સાધના વગેરે જાણતા હતા. વાક્છટા ઘણી સારી હતી. પરંતુ તેમની કુંડલી અભિશાપીત હતી. ગુરુ રામાનંદજીના ઐશ્વર્ય, પ્રતાપ અને પ્રભાવ હેઠળ દબાઈને રહેતા.

રામાનંદ સ્વામીએ પોતાની ગાદી સહજાનંદ સ્વામીને આપી ત્યારે એમના મનની મુરાદ પર પાણી ફરી વળ્યું. રામાનંદ સ્વામી સમક્ષ પ્રગટ વિરોધ ન કર્યો પણ વાણી-વર્ણન બદલાઈ ગયા. સ્વાર્થ વૃત્તિ વધુ સતેજ થઈ. ગુરુના ધામમાં ગયા બાદ પોતે સ્વતંત્ર હોય તેમ વર્તવા લાગ્યા. ઉદ્ધવ સંપ્રદાયની ગાદી માટે વાસ્તવિક રીતે પોતે હક્કદાર છે તેવી રજુઆત સત્સંગીઓ સમક્ષ કરવા લાગ્યા. તેમની આવી હરકતો વધતી ગઈ ત્યારે સહજાનંદ સ્વામીએ તેમને વિમુખ કર્યા. સંપ્રદાયમાંથી કાઢી મુક્યા. એણે પોતાનો અલગ ચોકો કર્યો. સત્સંગમાં ગામે ગામ ફરીને સત્સંગીઓને તથા અન્ય મુમુક્ષુઓને પોતાની વાક્છલનાથી અભિપ્રેત ઉપદેશ દ્વારા ખેંચવા લાગ્યા.

એવામાં એક પ્રસંગ બન્યો. સાધુ રામદાસજી અમદાવાદમાં હતા. રઘુનાથદાસજી પણ અમદાવાદમાં એક રામાનંદી મંદિરમાં રહેતા હતા. એક દિવસ રઘુનાથદાસ રામદાસજીને મળવા આવ્યા. તેમની મુલાકાત ભેદી હતી. ગુરુના પ્રમુખ શિષ્ય હોવાને નાતે રામદાસજીએ વિવેકપૂર્વક આદર ભાવથી આવકાર આપ્યો. પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા. ત્યારબાદ રઘુનાથદાસે સત્યભાસી પ્રસ્તાવ મૂક્યો.

રામદાસજી ! તમે મારા ગુરુબંધુ છો. ગુરુની અભિરુચિના પોષક છો. કૃપાપાત્ર છો. વંદનીય છો. પૂજનીય છો. સત્સંગની રીતિનીતિના જાણકાર છો. અનેક જીવોનું અભદ્ર નિવારી

મંગલે કરો તેવા સત્પુરૂષ છો. તેથી તમારી આગળ સત્સંગના હિતની વાત કરવા આવ્યો છું. આપણા ગુરુ રામાનંદ સ્વામી આપણ બેને જ મુખ્ય ગણતા હતા. પરંતુ કોણ જાણે કેમ તેઓએ પોતાની ગાદીએ આચાર્ય તરીકે નવા આગન્તુક સહજાનંદ સ્વામીને બેસાડ્યા. સહજાનંદ સ્વામી સત્સંગની કોઈ પ્રથા જાણતા નથી. સંપ્રદાયના નીતિ નિયમોની ખબર નથી. ગુરુના સિધ્ધાંત અનુસાર ઉપદેશ કરતા નથી. આચાર્ય હોવા છતાં તેમનામાં કોઈ ગંભીરતા નથી. છોકરમત છોડતા નથી. આપણા જેવા વડિલોનું માનતા નથી. હરિભક્તોને અવળે માર્ગે દોરે છે. તેમને કોઈ કહેનાર નથી. કોઈ ટોકનાર નથી. આ બધું તમે જાણો જ છો. પરંતુ એકલા હોવાથી અવાજ ઉઠાવી શકતા નથી. આજે આપણે ગુરુની પ્રસન્નતા માટે એક થઈને સહજાનંદ સ્વામીની મનસ્વી પ્રવૃતિને અટકાવવાની જરૂર છે. જો એમ નહિ થાય તો રામાનંદજીએ પ્રસ્થાપિત કરેલો ઉધ્ધવ સંપ્રદાય છિન્ન ભિન્ન થઈ જાશે. આપણે એક થઈને ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના હરિભક્તોને સાચી દિશા બતાવવી જરૂરી છે. એ આપણી ફરજ છે. કર્તવ્ય છે. આ મારા વચનો નથી. રામાનંદ સ્વામી મને દર્શન આપે છે. અને પ્રેરણા આપે છે તેમ બોલું છું, સહજાનંદ સ્વામી તમને કોઈ શિરપાવ દેવાના નથી. આજે મને વિમુખ કર્યો છે. કાલે તમારો વારો છે. ગુરુની પ્રેરણાથી અહીં આવ્યો છું. માટે વિચારો.

રામદાસજી સત્ય વક્તા હતા. સત્યના પૂજારી હતા. કોઈનાથી દબાય નહિ. કોઈની બીક નહિ. કોઈની શેહ શરમમાં આવે નહિ. ડભાણના યજ્ઞ પ્રસંગે લાખો માણસો ભેગા થયા હતા. એ વખતે ખાસ પ્રકારના બનાવેલ ઊંચા મંચ ઉપર શ્રીહરિ શયન કરતાં. એક રાત્રે પોતે સૂતા હતા. ભક્તોએ ભેટ ધરેલા જરિયાની વસ્ત્રો તથા સુવર્ણના અલંકારો પહેરી જ રાખ્યા હતા. ચારે બાજુ હથિયારધારી પાર્ષદો ચોકી કરતા હતા. તેમ છતાં એક સુરતી માણસ નજર ચુકાવીને મધરાતે મંચ ઉપર ચડી જઈ શ્રીહરિની છાતી ઉપર હાથ મુક્યો. સજાગવૃત્તિવાળા શ્રીહરિ સફાળા જાગી ગયા.

કોણ છે ચોકી કરવાવાળા ?

બૂમ સાંભળતાજ સઘળાં પાર્ષદો હાજર થયા. હરિભક્તો-સંતો દોડી આવ્યા. શું છે ? શું છે ? પ્રભો !

આ જુઓ તમારા બધાના માથાં કાપીને અમારી પાસે આવી ચડ્યો. તમારે અમને મરાવી નાખવાતા કે શું ?


સર્વજ્ઞાતા શ્રીહરિએ જરિયાની વસ્ત્રો ઉતારી નાખ્યા. સોનાના હાર, ઉતરી, કડાં, વેઢ, વીંટી વગેરે કાઢીને ફગાવી દીધાં. એક ધોતિયા ભેર ઉભા પગે બેઠા. ઠંડીના દિવસો હતા. અલૈયાખાચરે મંચ ઉપર ચડીને રૂ ભરેલી રજાઈ ઓઢાડી, તો હાથથી તીરસ્કાર કરીને ફગાવી દીધી. બધાએ ભૂલ માટે ક્ષમા માગી તો પણ અક્કડના અક્કડ જ રહ્યા. પછી રામદાસજી આગળ થયા. રજાઈ લઈને મંચ ઉપર ચડ્યા. રજાઈ ઓઢાડી તો હાથ પહોળા કરી હડસેલવા લાગ્યા. તેથી ઓઢાડેલી રજાઈ બે હાથે દબાવીને હાકોટો કરતાં કહ્યું, આ શી અકોણાઈ માંડી છે ? કોઈનું માનતા નથી ! આવું કરવું તુ તો દેશ દેશથી લાખો માણસોને તેડાવીને ભેળા શું કરવા કર્યા ? સત્સંગ સમૂહની તો અદબ રાખો ! એ બાપડાને કેટલું દુઃખ થાય ? મા-બાપ સંતાનને હડકલાવે અને છોકરું શાંત થઈ જાય તેમ શ્રીહરિ રજાઈ ઓઢીને ચૂપચાપ સૂઈ ગયા.

પોતાની વાત પૂરી કરીને રઘુનાથદાસ રામદાસજી સામે ઉત્સુકતાથી જોઈ રહ્યા. રામદાસજીએ એનાં વક્તવ્યની અસરમાં આવ્યા વિના તથા કોઈ ટીકા-ટિપ્પણ કર્યા વિના કહ્યું - જેતપુરમાં ગુરુ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને આચાર્યની પદવી આપી ત્યારે તેઓએ નાનું બાળક પણ સમજી જાય તેવી સરળ ભાષામાં કહ્યું હતું કે હવેથી અમારે સ્થાને આ સહજાનંદ સ્વામી છે. તમારે સૌએ મનકર્મ વચને એમની સેવા કરવી અને એમની આજ્ઞામાં રહેવું. જે કોઈ એવી રીતે નહિ વરતે તે વચન દ્રોહી અને ગુરુદ્રોહી ગણાશે.

હવે તમારા કહેવાથી મારે ગુરુની જીભ ઉપર પગ મૂકવો ? પાઘડી માટે માથું ધરી દઉં ? આવું વિદ્રોહી માનસ છોડો. ગુરુદ્રોહ અને સહજાનંદસ્વામીની ઉપેક્ષા તમારા માટે ઘાતક નીવડશે.

રઘુનાથદાસ ઘૂંઆ પૂંઆ થતા અપમાન જનક શબ્દો બોલતા ત્યાંથી જતા રહ્યા.

રામદાસજીએ શ્રીહરિને એક પત્ર લખ્યો. ગણપતરામ નામના વિપ્ર સાથે મોકલ્યો.



શ્રીજીમહારાજ જેતપુર ગામે મૂળુવાળાને ત્યાં વિરાજતા હતા. ગણપતરામે પત્ર તથા પેંડાનો પડિયો જિતેન્દ્રિય જગદીશ્વર સમક્ષ મૂકી દંડવત પ્રણામ કર્યા. પત્ર લઈ સ્વગત વાંચતાં વાંચતા શ્રીહરિ હસતા હતા. પછી મુક્તમુનિ સામે જોતાં બોલ્યા. રામદાસજીએ પત્ર લખ્યો છે. કહે છે કે અમદાવાદમાં ઉપાધિ થાય તેવું છે. લ્યો કાગળ એનું હારદ હારદ વાંચો.

જાણવા જોગ ખબર એવા છે કે રઘુનાથદાસ મારી પાસે આવ્યો હતો. મને કહે કે રામાનંદ સ્વામીનો હું પટ્ટશિષ્ય છું. મારી સેવાથી તેઓ સદા પ્રસન્ન રહેતા. રહસ્યની વાત સઘળી મને કરતા. તેમણે જ મને ષટચક્ર ભેદન સમાધિ વગેરે ઘણી ગહન વિદ્યા શિખવી છે. તેમની ગાદી માટે સર્વથા હું યોગ્ય હતો. છતાં મોટા તપસ્વી જાણીને સહજાનંદ સ્વામીને ગાદીએ બેસાર્યા. પાછળથી એ જ સહજાનંદે પોતાનો સ્વાર્થ સાધવા મને વિમુખ કર્યો. તમને અહીં ગુજરાતમાં ધકેલી દીધા. તમે ગુરુના કૃપાપાત્ર શિષ્ય છો એટલે તમને ખરી વાત કહું છું કે હવે ગુરુદેવ રામાનંદે મારામાં પ્રવેશ કર્યો છે. મારું માનો તો આપણે બંને એક થઈ જઈએ. ગુરુએ સ્થાપેલા ઉધ્ધવ સંપ્રદાયને વેર-વિખેર થતો અટકાવવો એ આપણું કર્તવ્ય છે.

મેં એની આવી જુઠ્ઠી વાત માની નહિ એટલે ક્રોધિત થઈને જતો રહ્યો. અહીંના નાગર હરિભક્તો પાસે તથા આસપાસના હરિભક્તો પાસે ભ્રામક પ્રચાર કરે છે તેથી ઘણાંક લોકો એના તરફી થયા છે. આવું ચાલશે તો સત્સંગ ડહોળાઈ જશે. આપે ધાર્યું હશે તેમ થાશે છતાં આ લખ્યું વિચારજો. ભુજ જવાનો વિચાર હોય તો માંડી વાળજો પણ અહીંયા વહેલા પધારો અને દર્શન આપો એમ સરવે ઈચ્છે છે.

પત્ર સાંભળ્યા પછી મુક્તમુનિને કહ્યું, ગુજરાતના હરિભક્તો જોગ લાવો એક કાગળ લખી મોકલીએ. એમાં લખજો કે રામાનંદ સ્વામીના જે કોઈ આશ્રિત હોય તેમણે રામદાસજી સ્વામીની વાત સાંભળવી. તે કહે તેમ કરવું. ત્યાગીની રીતે ત્યાગીએ રહેવું. ગૃહસ્થની રીતે ગૃહસ્થે વર્તવું. સત્સંગની રીતભાત, પ્રથા, મર્યાદા બધુ રામદાસજી સારી રીતે જાણે છે. તેમની આજ્ઞા પ્રમાણે સૌએ વર્તવું. નહિ વર્તે તે સત્સંગ બહાર ગણાશે.

બ્રાહ્મણને બોલાવ્યો. સાધુ વિપ્ર પૂજક ભગવાને ગણપતરામની પીઠ થાબડી. ખબર અંતર પૂછ્યા. પછી કહ્યું કે લ્યો આ પત્ર રામદાસજી સ્વામીને આપજો. આ પ્રસાદ પણ લઈ જાઓ. અમે થોડા સમયમાં જ અમદાવાદ આવશું. રામદાસજીને

કહેજો કે આપણા ગુરુ રામાનંદ સ્વામી સત્સંગમાં પ્રગટ વિચરે છે. કાળ, કર્મ, માયા, યમદૂતો તેમનાથી ભય પામે છે. તેમનો વિશ્વાસ રાખવો. સત્સંગમાં જે કોઈને સુખ દુઃખ આવે છે તે એમની ઈચ્છા પ્રમાણે જ થાય છે. આત્મારૂપે રહીને નિર્ભય બનવું. બધાને અમારા જય નારાયણ કહેજો.


ગણપતરામને આ સમજાયું નહિ. તેથી કહ્યું - હે મહાપ્રભુ ! મને બુદ્ધિ થોડી છે. સમજ શક્તિ ઓછી છે. આપે જે કહ્યું તે યાદ નહિ રહે. અને કહેતાં પણ નહિ આવડે. કૃપા કરીને આપ બોલ્યા તે પત્રમાં લખી આપો. મહારાજે બીજો કાગળ લખાવી આપ્યો.

જેતપુરથી નીકળીને સિધ્ધેશ્વર શ્રીહરિ મછિઆવ આવ્યા. ત્યાં ચાર-પાંચ દિવસ રોકાવાના હતા. આ સમાચાર રામદાસજી સ્વામીને મળતાં જ તેઓ દર્શન કરવા મછિઆવ પહોંચી ગયા. સાધુપ્રિય ભગવાન બાથમાં ઘાલીને ભેટ્યાં. કુશળ સમાચાર પૂછ્યાં.

તમારો પત્ર અમને જેતપુરમાં મળ્યો હતો. અમે તેનો ઉત્તર લખી મોકલ્યો હતો. હવે ત્યાં કેમ છે તે કહો.

હે પ્રભુ ! આપના પત્રથી સંતો-હરિભક્તો બધા રાજી થયા છે. આપે વર્તવાની રીત લખી તે પ્રમાણે બધા એમ જ વર્તે છે. વાત સાંભળીને વાલમે પ્રસન્નતા દાખવી. ત્યાં મુકુંદવર્ણી દૂધપાક પુરીનો થાળ લાવ્યા. શ્રીહરિ જમવા બેઠા. જમતાં જમતાં કહ્યું - બીજો થાળ રામદાસજી માટે લાવો.

હે મહા પ્રભો ! મારે એવા થાળની ઈચ્છા નથી. પ્રસાદની ઈચ્છા છે. હું તમારી સાથે બહુ વખત રહ્યો નથી. તેથી મહા દુર્લભ એવા પ્રસાદની અપેક્ષા છે.



સ્વામી ! તમે રામાનંદ સ્વામીના કૃપાપાત્ર છો. જ્ઞાની છો. અમારાથી વરિષ્ટ છો. ગુરુ સમાન છો. તમારી આગળ હું બાળક લેખાઉં. મારા થાળમાંથી પ્રસાદી આપું એ ઉચિત ન કહેવાય.

રામાનંદ સ્વામી એવા મોટા હતા છતાં તેઓ પણ આપની પ્રસાદી ઈચ્છતા. અમને પણ કહ્યું હતું. પણ શરૂઆતમાં ખબર ન પડી. હવે બધું સમજાય છે. રામદાસજી પોતાની વાત આગળ કહે છે. હે ધર્મપુત્ર શ્રીહરિ ! શ્રીનગરમાં મને એકવાર સ્વપ્ન આવ્યું. ચરોત્તરના એક નાના ગામમાં મોટો ઉત્સવ થાય છે. લાખ્ખો હરિભક્તો ભેગા થયા છે. તમારા બે ભાઈઓ સ્વ પરિવાર લઈને આવ્યા છે. તેઓ ઉત્તમ પ્રકારનો થાળ તૈયાર કરી તમારા માટે લાવ્યા. તમે જમવા બેઠા. થાળમાંથી મને પ્રસાદ આપ્યો. એ પ્રસાદ હું તથા મુક્તમુનિ જમ્યા. આવી રીતે ધર્મકુળના થાળના પ્રસાદનો દુર્લભ લાભ અમને મળ્યો.

તમારું સપનું સત્ય થાઓ. તમારું સપનું સત્ય થાઓ. આસપાસમાં બેઠેલા બધા હરિભક્તો એક સાથે બોલી ઉઠ્યા. ધર્મપિતા - ભક્તિમાતાનો બધો પરિવાર અહીં આવે એમ અમે ઈચ્છીએ છીએ.

શ્રીહરિ કહે છે કે અમારું કુટુંબ તો ઘણું દૂર છે. અત્યારે એવો કોઈ મનસુબો અમારા મનમાં નથી. તમારું સપનું સાકાર થાય એવો કોઈ સમય ક્યારેક આવશે ખરો. અત્યારે તો અમારા બંધુઓ કે પરિવાર જે કહો તે અમે છીએ. એમ માનવું. એમ કહેતા કહેતા ભક્તિનંદન ભગવાન ઉભા થયા. પોતાનો ખેસ ડાબે ખભે નાખી કેડ્યની આસપાસ તાણી બાંધ્યો. અને ભોજન માટે બેઠેલી સંત પંક્તિમાં પીરસવા પધાર્યા.

સંવત ૧૮૫૯ના વર્ષમાં આ પ્રસંગ બન્યો હોવાનું જાણવા મળે છે. તે વખતે શ્રીહરિની વય બાવીસ વર્ષની હતી. ધર્મ પરિવારમાંથી સૌ પ્રથમ ઈચ્છારામભાઈ લોયા મુકામે શાકોત્સવ ચાલતો હતો ત્યારે શ્રીહરિને મળ્યા હતા. તે પછી અઠવાડિયા બાદ રામપ્રતાપભાઈ આવ્યા. લગભગ દોઢ દાયકાથી વધારે સમય બાદ રામદાસજીનું સપનું સાકાર થયું.



શ્રી નરનારાયણદેવ નિજમંદિરમાં

(બારસાખની આજુબાજુ) સંગેમરમરથી થતા જિર્ણોદ્ધારમાં સેવા કરવા અંગે


સમસ્ત સત્સંગ સમાજને સહર્ષ જણાવતા આનંદ થાય છે કે સર્વોપરિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ ભરતખંડના અધિષ્ઠાતા શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી સ્થાપના કરી ત્યારથી લઈ સત્સંગ ચડતી કળાએ ખીલી રહ્યો છે. હજારોમાંથી લાખોની સંખ્યામાં એકલા અમદાવાદમાંજ શ્રીહરિના આશ્રિતો વસેલા છે.

ઘણાંજ હરિભક્તોને નિત્યે દર્શન કરવાનું નિયમ હોય છે તે કદી ચૂકતા નથી. ઘણા દૂર વસતા ભક્તો એકાદશી પૂનમે શ્રી નરનારાયણદેવના દર્શને આવે છે. દરેક ભક્તોના મનોરથ સંકલ્પ શ્રી નરનારાયણદેવ પૂર્ણ કરે છે.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી નરનારાયણદેવના નિજ મંદિરનાં બારસાખની આજુબાજુ સુંદર નયનરમ્ય આરસ સંગે મરમરથી જિર્ણોદ્ધારનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં ચૂના અને સિમેન્ટનું પ્લાસ્ટર હતું તેની જગ્યાએ આવું ભવ્ય આરસ પાષાણનું કામ થાય છે. જેને નિરખતા દરેક ભક્તોના મન અને તનને દર્શન કરતા આહ્લાદાયક અને અલૌકિક લાગે છે. જેથી આવા મહાન સેવાના કાર્યમાં આપની સેવા એક સુંદર પ્રેરણારૂપ અને ઉદાહરણરૂપ બનશે. માટે દેશ-પરદેશ વસતા શ્રીહરિના આશ્રિતોએ ઉદાર હાથે સેવા નોંધાવીને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવવા કૃપાપાત્ર બનશો.

દાન-સેવા ચેક, ડ્રાફટ અથવા રોકડ સ્વરૂપે **શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના નામથી મંદિરના કોઠારમાં જમા કરાવી પાકી પાવતી મેળવી લેવી.**

આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ.



ધર્માદા અભિયાનના શ્રી ગણેશ

– ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી–બાપુનગર)

આપણાં ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વલિખિત શિક્ષાપત્રીના શ્લોક નં. ૧૪૭માં ગૃહસ્થાશ્રમી હરિભક્તોને જણાવે છે કે, અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યુ જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ભાગ અર્પણ કરવો.

દેશ વિદેશમાં આજે શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલો આત્યંતિક કલ્યાણને અપાવનારો સત્સંગ ફેલાયો છે. આ સત્સંગમાં આજે લાખો હરિભક્તો છે. પરંતુ સવાલ એ છે કે આ લાખો ગૃહસ્થ હરિભક્તોમાંથી, આપણે ઈષ્ટદેવ શ્રીહરિએ કરેલી શિક્ષાપત્રીની ઉપરોક્ત આજ્ઞા યથાર્થપણે કેટલા હરિભક્તો પાળીએ છીએ ? કેટલાક દર મહિને નિયમિત આવક થતી હોવા છતાં વર્ષમાં એકાદવાર થોડી રકમની ધર્માદાની પહોંચ ફડાવી દે છે. કેટલાંક ધર્માદો કાઢતા જ નથી, તો કેટલાંક સંપ્રદાયના બંધારણની વિરુદ્ધ પોતાના મનનું ધાર્યું કરીને ગમે તે જગ્યાએ ધર્માદો જમા કરાવે છે તો કેટલાંક સત્સંગમાં કે સત્સંગની બહાર પોતે કરેલા દાનને કે ભેટ ને કે દેવના થાળને કે સંતોની રસોઈને કે ધોતિયાને ધર્માદામાં ખપાવી દે છે. બધાં મનનું ધાર્યું કરવા લાગીએ તો શ્રીહરિની આજ્ઞાનું શું ? શ્રીહરિએ આપણને સૌને એવી આજ્ઞા કરેલ છે કે જેઓ શ્રી નરનારાયણદેવ દેશમાં અર્થોપાજન કરતા હોય, તેવા હરિભક્તો શ્રી નરનારાયણદેવને અને શ્રી લક્ષ્મીનારાયણદેવના દેશમાં અર્થોપાજન કરતા હોય, તેવા હરિભક્તો શ્રી લક્ષ્મીનારાયણદેવને પોતાનો ધર્માદો અર્પણ કરે. તા. ૨૭-૬-૦૪ના રોજ કાલુપુર મંદિરે યોજાયેલી ષષ્ઠી પૂર્તિ મહોત્સવના અમદાવાદ શહેરના સ્વયંસેવકોની સ્નેહ મિલન સભામાં અમદાવાદ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ધર્માદા અભિયાન શરૂ કર્યું. કીર્તન ભક્તિ બાદ સૌ પ્રથમ પ.પૂ. શા. મહંત સ્વામીશ્રી નિર્ગુણદાસજી સ્વામીએ નીચે મુજબ

ધર્માદા વિષયક સાચો ખ્યાલ સૌને આપ્યો.

વિદેશમાં વસતા સત્સંગી સિવાયના અન્ય લોકોએ પણ જેઓએ ઈન્ટરનેટ પર ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિહાળ્યો. તેઓને ખૂબ આનંદ આવ્યો. તેઓ આપણા મહારાજશ્રી તથા સંપ્રદાયથી ખૂબ પ્રભાવિત થયા. ખેડૂત ખેતરમાં વાવણી સમયે બિયારણ વાવી દે એટલે તેનું કામ પુરુ થઈ જતું નથી. વાવણી પછી જવાબદારી વધી જાય છે. ખેતરમાં નિંદામણ, રખોપુ વગેરે ઘણું ધ્યાન રાખવું પડે છે. એમ ઉત્સવ પછી આપણી જવાબદારી બમણી થઈ જાય છે. દેશોદેશમાં મહારાજશ્રીની જે નામના છે તે સંપ્રદાયનું ગૌરવ છે. ત્યારે વિમુખો, વિઘ્ન સંતોષીઓ ગામડાઓમાં આપણા મંદિરોમાં, આપણાં યુવકોમાં પોતાનો પ્રભાવ જમાવવા પ્રયત્ન કરતા હોય, જાત જાતનો પોતાનો પ્રચાર કરી જતાં હોય, ત્યારે તેની વાત કોઈ માની ન બેસે, એની જવાબદારી આપણાં સૌની માથે છે. સંતોની સંખ્યા ઓછી પડતી હોય ત્યારે યુવાનો ત્યાં જઈને ભજન-કીર્તન કરે, સંપ્રદાયના સિધ્ધાંતની વાત કરે, શિક્ષાપત્રી, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ વગેરે ગ્રંથોમા મહારાજે કરેલી આજ્ઞાઓનું સ્મરણ કરાવે એ એક મોટી સેવા છે.

દ્રવ્યની શુદ્ધતા, પવિત્રતા માટે મહારાજે પોતાના દરેક ગૃહસ્થ આશ્રિતને પોતાની આવકનો દસમો, વીસમો ભાગ નિયમિત કાઢવાની આજ્ઞા કરેલી છે. ધન ભેગું કરવામાં ઘણા દોષો રહેલા હોય છે. ખેડૂતને ખેતી કરવામાં ખેતરમાં કેટલાંય નાના પ્રકારના જીવ જંતુઓની હિંસા થાય છે. ખેડૂત જો દસમો, વીસમો ભાગ ભગવાનને આપતો હોય તો ભગવાનના પ્રતાપે કરીને આવા હિંસા આદિક દોષો પણ નાશ પામી જાય છે. વધેલુ શુધ્ધ અને પવિત્ર દ્રવ્ય ઘર તથા કુટુંબના કામમાં આવે તો કોઈ દોષ ન આવે. જેમ સાત્વિક, શુદ્ધ ખોરાક શરીરમાં કોઈ રોગ આવવા ન દે તેમહક, પરિક્ષમ અને નિતીથી મેળવેલુ દ્રવ્ય કુટુંબમાં રોગ, શોક વગેરેની પીડા આવવા ન દે. જેને સુખી થવું હોય તે ૧ રૂપિયો કમાય કે લાખ રૂપિયા કમાય, તેમાંથી જો ધર્માદો કાઢે તો તેને ત્યાં ક્યારેય દ્રવ્યનો તોટો આવતો નથી. નિયમિત ધર્માદો કાઢનાર રોડપતિમાંથી લખપતિ થાય છે તેવા કેટલાંય દાખલા છે. જે મળે તેમાંથી દશાંસ કે વિશાંસ શ્રી નરનારાયણદેવના ચરણોમાં ધર્માદા સ્વરૂપે સમર્પિત કરે તો તેની તમામ જવાબદારી શ્રી નરનારાયણદેવ સ્વીકારે છે. ધર્માદો કાઢવાથી શું ફાયદો છે ? ધર્માદો ક્યાં અપાય ? આ વાત હરિભક્તોમાં ભૂલાય ન જાય તેની જવાબદારી યુવક મંડળની છે. નરનારાયણદેવનો ભાગ ધર્માદા સ્વરૂપે આપીએ એટલે તેમાં પ્રસાદી ન મળે. તકતી ન લાગે. કારણ કે એ તો નરનારાયણદેવના પૈસા છે. મંદિરમાં ઠાકોરજીને થાળ કરી, સંતોને રસોઈ આપી, સગા સંબંધી ભેગા કરી પ્રસાદી જમાડીએ તે ધર્માદો ન કહેવાય. ધંધામાં ૪-૫ ભાગીદાર હોય. વર્ષે હિસાબ થાય, નફો વહેંચાય જાય, પછી કોઈ એકને ત્યાં લગ્ન જેવો કોઈ સારો પ્રસંગ આવે તો બીજા દરેકે ચાંદલો પોતાના ખીસામાંથી લખાવવો પડે. તેમ નરનારાયણદેવનો દસમો ભાગ કાઢી ૯૦% દ્રવ્ય વધે તેમાંથી બાંધકામમાં આપો, થાળ કરાવો, સંતોને રસોઈ આપો તો તે સત્કર્મનું ફળ મળે છે. ગૃહસ્થની આવકનો દશાંશ, વિશાંશ ભાગ એ નરનારાયણદેવનો હક હોવાથી એ ધર્માદો શ્રી નરનારાયણદેવના કોઠારમાં જમા થાય. કોઈ કહે મેં એ ભાગ ગુરુકુળમાં આપ્યો. કોઈ કહે મેં મંદિર, હોસ્પિટલ કે શાળાના બાંધકામમાં ધર્માદાનો ભાગ દાન સ્વરૂપે જમા કરાવ્યો. નહિ !!! એ સંપ્રદાયની પરંપરાથી વિરુદ્ધ છે. ધર્માદાની પહોંચ આચાર્ય મહારાજશ્રીના નામ વાળી હોય છે. શહેર તથા ગામડાના ઉત્તર વિભાગના તમામ સત્સંગીમાં ધર્માદા બાબત જાગૃતિ આવે તે માટે અભિયાન ચલાવવાની પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઈચ્છા છે. જેમ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવનું અભિયાન ચલાવ્યું હતું તેમ હવે ધર્માદો એ કાયમ માટે સત્સંગી માત્રનો જીવનમંત્ર બની જાય. જેના ફળ સ્વરૂપે ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા સૌને મળે એ આ અભિયાનનો હેતુ છે. ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુના આશીર્વાદ લઈને સંતો ગામે ગામ જાય છે. મોટા મોટા મંદિરો તથા સંસ્થાઓની સેવામાં સંતો રોકાયેલા હોય, દરેક ગામ સંતો ન પહોંચી શકે


એ સંજોગોમાં યુવાનોએ પણ આ જવાબદારી ઉપાડી લેવાની છે. જ્યાં જ્યાં યુવક જાય ત્યાં ત્યાં આ વાત કરવાની છે.

છપૈયા માજી મહંત સ્વામીશ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે ઘણા લોકો તથા અન્ય ઘણી સંસ્થાઓ એવું સમજાવતા હોય છે કે ધર્માદો ગમે તે સારા કામમાં વપરાય. તેઓ કહેતા હોય છે કે અમે કેવું સારુ કામ કરીએ છીએ ! આજ્ઞા તથા બંધારણ લોપવાથી ભગવાન રાજી રહેતા નથી. મોટી મોટી કંપનીઓ પણ નિયમ વિરુદ્ધ કામ કરે. પછી દરોડા પડે એટલે બધું જતું રહે. ધર્માદો લાખોનો આપો પરંતુ નામ ભેટના પૈસા ન આપો તો પણ સંપ્રદાયના સભ્ય કહેવાઓ નહી. તમે એક એક યુવાને સંતો જેટલો સત્સંગ પ્રચાર કરીને સત્સંગને ગુંજતો કર્યો છે તે ગૌરવની વાત છે. તમે સૌ જે સભાઓનું આયોજન કરો છો તે સભામાં જે સંતો ગાદીના હોય, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં રહેતા હોય અથવા લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આવતા હોય તેવા સંતો ને જ સભામાં કથાવાર્તા માટે આવવા દેવા બીજાને તિરસ્કાર કર્યા વિના પાછા મોકલવા.

ત્યારબાદ અમદાવાદના દરેક વિસ્તારના યુવક મંડળના સંચાલકો એ પ્રાસંગિક ટૂંકા પ્રવચન કરી ધર્માદા અભિયાનમાં પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં નીચે મુજબ ખૂબ મનનીય પ્રાસંગિક અમૃતવાણીનો સર્વે સભાજનોને લાભ આપ્યો હતો.

મહારાજે એક હરિભક્તને એક મોટું કોળુ ભંભલી (માટલુ)માં નાખવાનું કહ્યું. એ હરિભક્તે પ્રયત્ન શરૂ કર્યો. ભંભલીનું મોટું નાનુ અને કોળુ મોટુ હતું. છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો. સંતો, હરિભક્તો આવ્યા કોઈ કહે કોળુ કાપી નાખો, કેટલું મોટુ છે ! પેલા હરિભક્ત કે



જેઓ દાદા ખાચર હતા તે કહે કે ના ! મહારાજે કહ્યું છે એટલે કોળું કાપ્યા વિના ભંભલીમાં જવાનું જ છે !! કોળુ ભંભલીમાં ગયું કે ન ગયું તે વાત અલગ છે. પરંતુ અહીં મહારાજે કરેલી આજ્ઞા પાળવાના પ્રયત્નની વાત એ બહુ મોટી વાત છે. મહારાજના વચનમાં વિશ્વાસ એ જ મોટામાં મોટો મંત્ર છે. ભગવાનના વચનમાં બુદ્ધિનું કામ નથી.

અમે કે સંતો કે હરિભક્તો મહારાજના વચનમાં કોઈ ફેરફાર ન કરી શકે. તેમાં આપણી બુદ્ધિની કુટપટ્ટીનું માપ ટૂંકુ પડે ! ષષ્ઠી પૂર્તિમાં યુવક મંડળે શિસ્તબદ્ધ કામ કર્યું. ઉત્સવ સફળ થયો કેમ ? જેને જે કામ સોંપવામાં આવ્યું હતું તેણે તે કામ નિષ્ઠાથી પુરુ કર્યું. પાર્કીંગ, રસોડું વગેરે સ્થળેથી એ માણસ ખસ્યો જ નથી. ઉત્સવ દરમિયાન શ્રીજી મહારાજના કે મહારાજશ્રીના દર્શન પણ તેણે કર્યા નથી. છતાં તેના પર મહારાજનો વિશેષ રાજીપો રહેશે. કારણ કે વચનમાં રહ્યો. મહારાજનું વચન એ જ આપણા માટે સર્વોપરિ છે. હરિભક્તો ચાતુર્માસના વિશેષ નિયમો લે છે. શિક્ષાપત્રીના ઘણા નિયમો પાળશે, પરંતુ ૨૧૨ શ્લોકમાં જ્યાં ધર્માદાની વાત આવે ત્યાં કોઈ સામું જોતું નથી. આપણે ભજન કરીએ. ૧૦૦, ૫૦૦ કે ૧૦૦૦ પ્રદક્ષિણા કરીએ. ધારણા-પારણા વગેરે વ્રત કરીએ એ બહુ મોટી વાત નથી તેનાથી કોઈ ભગત કહે, આ બધાં નિયમો દરેક પોતાના માટે કરે છે. મોક્ષનો ખપ છે એટલા માટે કરે છે. મહારાજ વચનામૃતમાં કહે છે બ્રહ્માંડના બધાં રાજા અમારી સામે હાથ જોડીને ઉભા રહે એમાં અમારી મોટપ નથી કે બધાં વિમુખ થઈ જાય તેનાથી અમારી નાનપ નથી. આપણે જે સમજ્યા છીએ આપણને જેની ઓળખાણ થઈ છે. એ સમજણ બીજાને પાડીએ, એ ઓળખાણ અન્યને કરાવીએ એ સાચી સેવા કહેવાય. સત્સંગ માટે જે સમય આપે છે તેને પણ મહારાજ સુખી કરે છે. મન

સાથે ઝઘડો કરીને મંદિરે મિટીંગમા પહોંચવું એ પણ એક સેવા જ છે.

એક વેશ્યાએ સોક્રેટીસને ચેલેન્જ આપી તમે તમારા શિષ્યોમાં ભલે બહુ મોટી તત્વજ્ઞાનની વાત કરો છો. પરંતુ હું મારા રૂપ અને યૌવનથી તમારા બધા શિષ્યોને પાડી શકું તેમ છું. સોક્રેટીસે કહ્યું : તુ મારા શિષ્યો છે તેના કરતા પણ વધારે માણસો ને પાડી શકે તેમ છે. કારણ કે તારું કામ સીડી ઉતારવાનું છે. જ્યારે મારું કામ સીડી ચડાવવાનું છે. ઉતરતા વાર ન લાગે. ચડતા વાર લાગે. સત્સંગમાં રહેવું એ મન સાથે ઝઘડા કરીને રહેવાનું છે. થાંભલા સાથે બાથ ભીડીને રહેવાનું છે. બહારના શીંગડા, પૂંછડા વાળા શત્રુઓ કરતાં અંદરનાં શીંગડા પૂંછડા વિનાના અંતઃશત્રુઓ વધારે બળવાન છે. તમને કહેવાની જરુર નથી. બૈરી, છોકરા, દુકાન બધું છોડીને સંઘર્ષ જીતીને તમે આવો છો. તમને ફક્ત માર્ગ દર્શનની જરૂર છે. આપણાં આટલા બધાં મંદિરોનો વિસ્તાર છે. પરંતુ સમયના ઘસારામાં કે આપણી આળસમાં ધર્માદો તેમજ નામ ભેટ તેમાં પણ ઘસારો પડ્યો છે. વ્યવહારમાં સુખી થવું હોય તો દસમો કે વીસમો ભાગ મુખ્ય મંદિરના કોઠારમાં જ ધર્માદા તરીકે નિયમિત જમા કરાવો, પછી જુઓ એની કમાલ !! ધર્માદામાં પેટા વિભાગ મંદિરનો હક્ક નથી. સત્સંગમાં ઘણા મંડળો ઉભા કરે છે. પછી મંડળમાં પૈસાનું ભંડોળ ઉભું કરીને પોતાની જ્યાં રૂચી હોય, ત્યાં બાંધકામ વગેરે નિમિત્તે પહોંચ ફાડાવીને તે દાનને ધર્માદામાં ખપાવે. ધર્માદાનો ભાગ દેવના ચરણોમાં જમા ન કરાવીએ એટલે બીજા પહોંચ ફાડી જાય ! દેવના રૂપિયા આપણને આપણી રીતે વાપરવાનો અધિકાર નથી. દેવનો ભાગ દેવને ન આપીએ એટલે પછી ડૉક્ટર લઈ જાય, વકીલ લઈ જાય, ખીસ્સુ કપાય જાય, ચોરાય જાય એમ કોઈને કોઈ રીતે બાદબાકી થઈ જાય તેના કરતાં દેવને આપવું શું ખોટું છે ! ઘણાં કહે છે રોગ પકડાતો જ નથી. તાવ આવ્યા જ કરે છે. ૫૦૦ ડૉક્ટરને દેખાડ્યું પરંતુ કંઈ નિદાન થતું નથી. અલ્યા ભાઈ ! રોગ હમણાં પકડાય જશે, પહેલા તું દેવના કોઠારમાં ધર્માદાની પહોંચ ફડાવી આવ ! બીજાના અધિકારની વસ્તુ પણ જો આપણને ન પચતી હોય તો પછી દેવનો ભાગ તો આપણે ક્યાંથી પચાવી શકવાના !!! તિલક ચાંદલો કરવો એ જેમ આપણો ધર્મ છે. તેમ ધર્માદો કાઢવો એ પણ આપણી ફરજ છે. ધર્મ છે. નરનારાયણદેવ આપણું સ્વીકારે છે એ જ આપણી મોટી પાત્રતા છે. ષષ્ઠી પૂર્તિમાં સેવા કરવાની તક મળી એ જ આપણાં બહુ મોટા ભાગ્ય છે. નહીં તો ન રખડતા હોત ક્યાંક ?

આપણે જે પ્રાપ્તિ થઈ છે તે બહુ અદ્‌ભૂત છે. અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી. મહારાજે તો કહ્યું છે કે હું તો મારા જનને અંતકાળે તેડવા આવવાનો જ છું. લાડવા ખાવાના અને ભગવાનના ધામમાં પણ જવાનું ! બહુ અદ્‌ભુત વાત છે ! ફક્ત કેફ રાખવાની જરૂર છે ! મહારાજે પણ કહ્યું છે કે જે દિવસે મોળી વાત થાય તે દિવસે ઉપવાસ કરવો. પહેલા જેવું હવે નથી. પહેલા એક પંખો પણ ન હોતો, લાઈટ નહોતી, ગાડીઓ નહોતી, હાલમાં જે કંઈ ભોગવીએછીએ એ નરનારાયણદેવના પ્રતાપે છે. હરપળ હરઘડી જાગૃતિ રાખીએ, નહીં તો સત્સંગમાં માંદગી આવે. શરીરની માંદગીની દવા થશે. સત્સંગમાં જે માણસ દુર્બળ થાય તેની દવા નથી. તેની હોસ્પિટલ નથી. માટે સત્સંગમાં હંમેશ દિવ્યપણું, અહોપણું રાખવું.

૮૦% લોકોને ખબર નથી. આપણે શું મેળવવા આવ્યા છીએ ? મગજ બંધ રાખીને માણસ દોડે છે. મગજ ચાલુ હોય તો રોકાયને ! સાંજ પડે એટલે કહે કે હું થાકી ગયો ! એ કામ ફરી ન કરે તો સાચો થાક ગણાય ! ૯૯% માણસો બુદ્ધિનો ઉપયોગ કરતા નથી. માટે મહારાજે શિક્ષાપત્રીની આજ્ઞા પાળવા માટે સાવધાન પણે, પ્રિતીએ કરીને શબ્દો મૂક્યા છે. ભગવાનની મોટપ કેટલી છે. તે જણાય ત્યારે પ્રીતિ થાય છે. મહારાજ કહે છે આજ્ઞા પાળશે એને મહાસુખ આપીશું. સત્સંગી એ એક બહુ મોટી ડિગ્રી છે. મહારાજશ્રી ઘણીવાર કહે છે કે બહુ દુઃખી થવાય, ત્યારે શિક્ષાપત્રી ખોલીને જોવું. કંઈ આજ્ઞા લોપવે કરીને દુઃખ આવ્યું અને બહુ સુખી થઈએ ત્યારે પણ શિક્ષાપત્રી ખોલવાની ! કઈ આજ્ઞા પાળવે કરીને સુખ આવ્યું અને સુખ ટકી રહે તે માટે પણ હમહમેંશ શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવાનું બળ મળે એજ પ્રાર્થના.

ભગવાનની મૂર્તિ વિષે મરણભાવન કલ્પવો

– પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)



વૈદિક કાળથી મૂર્તિ પૂજાને ઋષિઓએ આપેલ અનુપમ દેણ તરીકે સ્વીકારવામાં આવી રહી છે. સત્ શાસ્ત્રોએ દર્શાવેલા વૈદિક મંત્રો દ્વારા કોઈપણ મંદિરમાં મૂર્તિઓમાં વિધિવત પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે. પ્રાણની પ્રતિષ્ઠા મૂર્તિમાં યથાવત થઈ કે નહિ તેનું પ્રમાણ વિદ્વાન કર્મકાંડી શાસ્ત્રીઓ આપે છે. ભગવાનની આવી મૂર્તિ સાથેનું તાદાત્મ્યપણું હોવાથી મૂર્તિ સાથે સતત સંપર્ક ધરાવતા સંત રત્નો આજે પણ વિદ્યમાન છે.

ધ્રુવ, પ્રહલાદ, મીરાં, નરસિંહ મહેતા, સંત સૂરદાસ, સંતતુકારામ, સંત એકનાથ આદિની અવિચળ, અવિચ્છીન્ન ભક્તિનો પ્રભાવ ભગવાન પર પડ્યા વિના રહ્યો નથી. આમાં ભાવાત્મક ઐકય દેશ્યમાન થાય છે. અનેક સંતો અને ભક્તોને, ઉપાસકોને ભગવાને મૂર્તિમાં રહીને દર્શન અચૂક આપ્યા છે. ભગવાનની મૂર્તિ પ્રત્યે અનન્ય ભાવે ભજન કરવાથી મન શુદ્ધ થાય છે. વિકારો નાશ પામે છે. હૃદયમાં અસાધારણ શાંતિ વ્યાપે છે. એવું તારણ આજે વૈજ્ઞાનિકોએ પણ કાઢેલું છે.

આપણને આપણા મનની પૂરી પરખ નથી. પોણા ભાગના અજ્ઞાત મનને આપણે જાણતા નથી. ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાનને સાચું જ કહ્યું છે કે, "મધ્યેય મન આધારસ્ય મારામાં "મન પરોવ." આપણું મન જ બંધન તથા મોક્ષનું કારણ છે. શંકા, કુશંકા, શ્રધ્ધા-અશ્રધ્ધાના વમળોમાં સતત વીંટાયા કરે છે. કોલસાના રંગને બદલવા અગ્નિ સિવાય બીજો કોઈ વિકલ્પ શક્ય નથી. તેમ મનને સ્વસ્થ કરવા મનને જગાવવા તેને સર્જનહારમાં મૂકવું પડે અર્થાત્ સર્જનહાર સાથે જ જોડવું પડે. જો લાખ ઉપર કોઈ છાપ ઉપસાવવી હોય તો લાખને ગરમ કરવી પડે છે. ત્યાર બાદ ગરમ લાખ પર છાપ ઉપસાવી શકાય છે.

કેટલાક લોકો તો મૂર્તિ વિષે પણ મરણભાવ લાવે છે. વર્ષો જુની આ મૂર્તિ છે. અપૂજ છે. તેમાં ભગવાન ક્યાંથી હોય ? આમ નાસ્તિક ભાવ લાવતા જાય છે. પોતાના મત મુજબ અન્યને દોરવતાંજાય છે. મૂર્તિ પરત્વે બાધા રાખનારની બાધા ફળે તો તે રીઝે છે. અને જો ન ફળે તો મૂર્તિ પરત્વે પાષાણ ભાવ કે મૃત ભાવ દાખવે છે. આજે ભગવાનની ઈચ્છા પર જીવનારો વર્ગ કેટલો ?

શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદ, ભુજ, જેતલપુર, ગઢડા, વડતાલ, મૂળી, ધોળકા, ધોલેરા અને જૂનાગઢ આદિ નવ મંદિરોમાં મૂર્તિઓ સ્વહસ્તે બાથ ભીડીને અતિશય સ્નેહથી પધરાવીછે. અને તેઓ અખંડ આ મૂર્તિઓમાં બિરાજમાન છે. તેવું પ્રતિપાદીત કર્યું છે. આજે પણ આ મૂર્તિઓમાં ભગવાન સ્વયં વિરાજમાન છે. એની અનેક સાબીતીઓ પ્રાપ્ત થાય છે. ધર્મપ્રેમીજનો, સત્સંગીઓ અને હરિભક્તોનો વિશ્વાસ નિત્ય ટકી રહે અને ભગવાન ભજવામાં તેમની પાછી પાની થવા પામે અને મૂર્તિના દર્શન કરતી વખતે મૂર્તિભાવ ટળી જાય અને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણના દર્શન કરી રહ્યા છીએ તેવો અત્યંત સુખદ ભાવ કાયમ રહેવા પામે તે માટે શ્રીજી મહારાજે અમદાવાદ મધ્યના ચોથા વચનામૃતમાં જણાવ્યું કે, "નટની વિદ્યાના જાણતલની મતિ નથી ભ્રમતી. તેમ પુરુષોત્તમ એવા જે શ્રી નરનારાયણ તે અનેક દેહ ધરીને નટની પેઠે ત્યાગ કરે છે એ શ્રી નરનારાયણ સર્વે અવતારના કારણ છે. ને શ્રી નરનારાયણને વિષે જે મરણભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે. ને ચોરાસી ના દુઃખ અને યમપૂરીના દુઃખનો તેને પાર આવતો જ નથી. અને જે શ્રી નરનારાયણને વિષે અજર અમરપણું સમજે છે તે કર્મ થકી અને ચોરાશી થકી મુકાઈ જાય છે. માટે આપણા ઉધ્ધવ સંપ્રદાયમાંના સર્વે સત્સંગી સાધુ, ભગવાનની મૂર્તિયું જે થઈ ગઈને હમણા છે ને આગળ થશે તેને વિષે મરણભાવ કોઈ કલ્પશોમાં અને આ વાર્તા સૌ લખી લેજો."

અમદાવાદ મંદિરમાં પવિત્ર અધિક માસના ઉત્સવોની ઝાંખી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવં ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી અમદાવાદ મંદિરમાં તા. ૧૮-૭-૨૦૦૪ થી ૧૬-૮-૨૦૦૪ અધિક શ્રાવણ સુદ-૧ થી અધિક શ્રાવણ વદ દ્વિતીય અમાસ સુધી સમગ્ર માસ પર્યન્ત વિવિધ ઉત્સવો આપણા વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલિકા મુજબ ઉજવાતા ઉત્સવો ખૂબજ ધામધુમથી ઉજવવામાં આવ્યાં. પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં પ્રતિદિન પ્રભાતથી જ ઉત્સવોના સુંદર દ્રશ્યોની ગોઠવણી થતી ! શણગાર આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સ્વયં ઉતારતા. ક્યારેક પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી પણ આરતી ઉતારતા. બહારગામના કાર્યક્રમ હોય ત્યારે શ્રી નરનારાયણદેવના પૂજારી ભાવથી આરતી ઉતારતા જેના દર્શન કરી અનંત ભક્તો રાજી થતા ! અધિક માસના ઉત્સવના દર્શન કરી અનંત ભક્તો આનંદિત થતા ! સાથે ભગવાનની દિવ્ય લીલાને યાદ કરી લીલા પ્રસંગોને વાગોળતા સાથે-સાથે દરેક ઉત્સવના યજમાનશ્રીઓ અને માસિક ઉત્સવોના સહ યજમાનશ્રીઓ પણ દિવ્ય લાભ પ્રાપ્ત કરી ધન્ય ધન્ય બની ગયા.

આ રહી અધિકમાસ ઉત્સવોની એક સુંદર ઝાંખી

ગ્વાલ-બાલ દર્શન

પવિત્ર અધિક માસના પ્રથમ દિને બ્રહ્મચારી પૂજારી મંડળે શ્રી નરનારાયણદિક દેવોને સુંદર સજાવટ કરીને ગ્વાલ વેષ ભરવાડ વેષ ધારણ કરાવ્યા હતા.

શ્રી નરનારાયણદેવના પ્રસાદીના ઉંબરા પાસે કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજી તથા સત્યપ્રકાશદાસજી સ્વામીએ જાતે રસ લઈને કોઠાર સ્ટાફના વિદ્યાર્થીઓને સાથે રાખીને વ્રજ ભૂમિનું નિર્માણ કર્યું હતું.

સુંદર વનરાજી ઉંચા ઝાડ, સુંદર ખેતર, ઉંચે સુધી ગોઠવેલી સુંદર લીલી મકાઈ, કુણું-કુણું ઘાસ આદિ દિવ્ય શોભામાં પોતાના બાલ સખા ગોવાળ સાથે સુંદર પુષ્પોની વનમાળા ગાયો ચરાવી રહ્યાં છે. ધારી રહેલા ભગવાન શ્રી કૃષ્ણનારાયણ હસ્તકમળમાં સુંદર બાંસુરી બજાવી રહ્યા છે. ગ્વાલ મિત્ર સુંદર પુષ્પ સુંધી રહ્યાં છે. જોળીમાં બપોરનું ભાત બાંધેલું છે. મિત્ર કાના સાથે હાથમાં સોટી લઈને ગોવાળ સાથે ગાયો ચારે છે. આવા મનોહર દર્શન કરીને ભક્તો તો અતિ આનંદતિ થઈ ગયા !

યજમાન પદે પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોનીએ પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

રથયાત્રા

ભગવાન શ્રી કૃષ્ણનારાયણ વ્રજમાંથી રાજા કંસના મોકલેલા સોનાના રથ પર વડિલ બંધુ દાઉજી સાથે મથુરા પધાર્યા.

૧૧ વર્ષ સુધી વ્રજ ભૂમિમાં ઉઘાડા ચરણે વિચરતા બાલકૃષ્ણ ભગવાનની સોનાના રથ પરની સવારી ઐતિહાસિક હતી. આ દિવ્ય લીલાની સ્મૃતિ માટે જગન્નાથપુરીમાં વિશ્વ વિખ્યાત રથયાત્રા નીકળે છે. અને અમદાવાદમાં પણ છેલ્લા ઘણા વર્ષોથી ખૂબ મોટા પાયે રથયાત્રાનું આયોજન થાય છે. આવા વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર આપણા મંદિરોમાં રથયાત્રા ઉત્સવ ઉજવવામાં આવે છે. તે મુજબ અષાઢી બીજના શ્રી નરનારાયણદેવ સમક્ષ ચાંદીથી જડિત સુંદર વિશાળ રથને શણગારીને પધરાવવામાં આવ્યો તે રથમાં ભગવાન શ્રી નરનારાયણદેવના ઉત્સવ સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજને સુંદર વસ્ત્ર અલંકાર પુષ્પમાળા ધારણ કરાવીને બિરાજીત કરવામાં આવ્યા.

આજુબાજુ ભગવાનના ચાર પાર્ષદો

છે. ભગવાનની સેવામાં સાથે રક્ષણ માટે આયુધ ધારીને સાથે ચાલતા હતા. ઝાડના સુંદર કુંડાથી વાતાવરણ વનરાજી જેવું દ્રશ્ય દ્રષ્ટિગોચર થતું હતું. રથમાં વિરાજમાન થયેલા ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રસન્ન મુદ્રામાં દર્શન આપતા હતા. સૌ ભક્તો આ દિવ્ય ઝાંખી કરી આનંદ પ્રાપ્યા હતાં. યજમાન : પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલે પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બ્રહ્માંડ ઉપર કૃપા કરીને અનંત મુમુક્ષુજનો ઉપર કરૂણા દ્રષ્ટિથી સૌ પ્રથમ સર્વોપરિ ભેટ આપી તે છે **"પરમકૃપાળુ સર્વોપરિ શ્રી નરનારાયણદેવ"** વિ.સ. ૧૮૭૮ના ફાગણ સુદ-૩ના શુભદિને સ્વયં બાથમાં લઈને આ દિવ્ય સ્વરૂપને ભાવથી પધરાવીને વરદાન આપ્યું કે "અમો આ સ્વરૂપમાં વિરાજમાન થઈને રહીશું અને સૌ ભક્તોની સેવા અંગીકાર કરીશું."

ભક્તો ! આજે પણ શ્રી નરનારાયણદેવના સ્વરૂપે ભગવાન શ્રીહરિ આપણા સૌની ભાવના સ્વીકારે છે. ફાગણ સુદ-૩ના અનુસંધાને અધિકમાસની શુકલ-૩ના શુભ દિને પાટોત્સવ ધામધુમથી ઉજવાયો. મંગલ પ્રભાતે ૫-૩૦ કલાકે મંગળા આરતીના દિવ્ય દર્શન સવારે ૬-૦૦ કલાકે યજમાન પ.ભ. વર્ષાબેન નવિનચંદ્ર પાઠક તથા પ.ભ. સવિતાબેન પ્રેમજીભાઈ (હાલ લંડન)ના પ્રતિનિધિ પાસે બ્રહ્મદેવોએ ભગવાનશ્રી નરનારાયણ દેવના સાનિધ્યમાં મહાભિષેકનું મહાપૂજન કરાવ્યું. સવારે ૬-૩૦ કલાકે પવિત્ર પીતાંબર ધારણ કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભક્તોએ જયનાદ કરીને પૂજ્ય મહારાજશ્રીના સ્વાગતને વધાવ્યું.

બ્રહ્મદેવોએ સંકલ્પ મુકાવ્યો. બ્રહ્મચારી પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી તથા તેમના મંડળે ભગવાનને સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કરાવેલા હતા. વેદના મંત્રોચ્ચાર પૂર્વક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભગવાનને ભાવથી જળથી, દૂધથી, દહીંથી, ઘીથી, મધથી અત્તરથી, ગુલાબજળથી અને કેસર મિશ્રિત જળથી ભગવાન શ્રી નરનારાયણદેવ, ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવને સ્નાન-મહાભિષેક કરી અનંત ભક્તો સંતોને અંતરમાં આનંદ ઉપજાવ્યો !

ત્યારબાદ ભગવાનનું ચંદન તુલસીદલથી પૂજન કરી પ.પૂ. મહારાજશ્રીએ હૃદયના ભાવથી શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી ત્યારે ભક્તોના હૃદયમાં આનંદ સમાતો નહોતો, બ્રહ્મચારી મહારાજે પ્રસાદીની પુષ્પમાળા પૂ. મહારાજશ્રીને પહેરાવી તે જ પુષ્પહાર પૂ. મહારાજશ્રીએ યજમાનશ્રી વર્ષાબેનને મોકલાવ્યો.

પોષાક ધારણ કરી પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા. પૂ. પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજી જેઓ પ્રતિદિન કથાવાર્તા કરી સભામંડપની શોભા વધારે છે. તેમણે પાટોત્સવનું માહાત્મ્ય સમજાવ્યું. યજમાન પરિવારના ભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી. પૂજ્ય મહારાજશ્રીએ આ સુંદર સેવા બદલ પુષ્પમાળા પહેરાવી શાલ તથા શ્રી નરનારાયણદેવની મૂર્તિ આપી તેમની સેવાને બિરદાવી, આશીર્વાદ પાઠવ્યા.

ત્યારબાદ પૂ. મહંત સ્વામીએ શ્રી સર્વોપરિ નરનારાયણદેવનું માહાત્મ્ય પાટોત્સવની પરંપરા અને ભગવાન શ્રી સ્વામિનારાયણે જે મહાન પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવ્યો તે ઈતિહાસને યાદ કરી ભક્તોને આનંદિત કરી દીધા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશિર્વચનમાં જણાવ્યું કે આપણને જે દિવ્ય મૂર્તિ શ્રી નરનારાયણદેવની પ્રાપ્ત થઈ છે તેમના પ્રત્યે નિષ્ઠા ભાવ સેવા કાયમને માટે અર્પણ કરતા રહીએ અને પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. અંતમાં યજમાન પરિવારને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

સભા દરમ્યાન ભગવાન આગળ સુંદર અન્નકુટની રચના કરવામાં આવી. અન્નકુટની વાનગી બનાવવામાં કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજીની દેખરેખ હેઠળ પવિત્ર રસોઈયાએ બનાવેલ વિવિધ વાનગી બનાવીને શુધ્ધ ઘીથી મઘમઘતી વાનગીના થાળ ભગવાનને ધરાવ્યા. ૧૦-૦૦ કલાકે ભગવાનની અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી ત્યારે સંતો ભક્તોએ નેણાભરીને અન્નકૂટના દર્શન કર્યા. ઉત્સવ મંડળના ભક્તોએ ભગવાન આગળ વાજંત્રે સહિત વિવિધ થાળ બોલીને ભગવાનને રાજી કર્યા. યજમાન : પ.ભ. વર્ષાબેન પાઠક તથા પ.ભ. સવિતાબેન પરિવાર ખૂબ રાજી થયા. અમદાવાદ તથા વિવિધ ગામોના ભક્તોએ આ દિવ્ય ઉત્સવના દર્શન કરી અત્યંત આનંદિત થયા હતા.

ગણેશ ચતુર્થી

ભવાની શિવના સુપુત્ર મંગલકારી શ્રી ગણપતિ મહારાજનો જન્મદિન-ભાદરવા સુદ-૪ના અનુસંધાને શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ ઉપર ગણપતિજીને વિરાજીત કરવામાં આવ્યાં. ચારે તરફ ઝાડના કુંડા શોભામાં વધારો કરતા હતા. શુદ્ધ ઘીથી લચપચતા લાડુનું સુંદર નૈવેદ્ય ધરાવવામાં આવ્યું હતું. આવા વિઘ્ન હર્તા દેવની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી હતી. ભક્તો દિવ્ય દર્શન કરી અત્યંત આનંદ પામ્યા હતા. ઉત્સવ મંડળના ભક્તોએ સુંદર ગણપતિ ઉત્સવ

કીર્તનો બોલીને દુંદાળા દેવને રાજી કર્યા હતા. યજમાન : અ.નિ. પ.ભ. પ્રભુદાસ ઉમેદભાઈ પટેલ પરિવારે પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

વસંત પંચમી

વર્ષમાં સૌથી આનંદદાયક વસંતઋતુનો પ્રથમ દિવસ વસંત પંચમી ! ભગવાન શ્રી સ્વામિનારાયણે વસંતને ભાવથી વધાવીને સંત હરિભક્તને અનહદ આનંદ આપ્યો છે. ગઢપુરના રંગોત્સવ દરમ્યાન સાક્ષાત્ વસંતે આવીને ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું હતું. **મુળીધામમાં ભગવાન શ્રીહરિએ સંતો ભક્તો સાથે રંગે રમીને દિવ્ય આનંદ ઉપજાવ્યો હતો. તે સ્મૃતિએ પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આ દિને મુળીમાં કાયમી સમૈયો જાહેર કર્યો** અને પોતે અને ભાવિ આચાર્યો પણ દર વર્ષે પધારશે. તેવી ખાત્રી મુળીની સભામાં આપી છે. ભગવાન શ્રીહરિએ ઘણા સ્થાનોમાં અમદાવાદ સુંદરીયાણા, સારંગપુર આદિ ગામોમાં રંગોત્સવ કરી ભક્તોને આનંદ પ્રાપ્ત કરાવ્યો છે. તથા વડતાલમાં રંગોત્સવ ઉપરાંત સર્વોપરિ ગ્રંથ શિક્ષાપત્રીનું લેખન કરી પોતાના હૃદયની આજ્ઞા ભક્તોને જણાવી દીધી !

આ શુભ દિનના અનુસંધાને શ્રીનરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ ઉપર શિક્ષાપત્રીના શ્લોકથી નિર્માણ થયેલી શિક્ષાપત્રી લેખનની મૂર્તિ પધરાવી તથા શિક્ષાપત્રીનો ગ્રંથ, કલમ અને વસંતના કળશની સ્થાપના કરી હતી. ભક્તજનોએ દિવ્ય દર્શન કરી આનંદ પ્રાપ્ત કર્યો હતો. યજમાન : પ.ભ. વાસુદેવભાઈ લવજીભાઈ પટેલે પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

કુંજગલી

કૃષ્ણ વિરહમાં ઝૂરતા રાધાજીનું નિવાશ સ્થાન વ્રજની કુંજગલીનુ સુંદર નિર્માણ શ્રી નરનારાયણદેવ સમક્ષ કરવામાં આવેલ શ્રી નરનારાયણદેવના સિંહાસન ઉપર બાજુમાં તથા પ્રસાદીના બારસાંખ ઉપર નીચે દિવાલે ચારે તરફ આસોપાલવ તથા બીજા વૃક્ષના ડાળખાઓથી આબેહુબ સુંદર વન-જંગલ ઉભુ કરવામાં આવ્યું. વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણ તથા રાધાજીને પધરાવવામાં આવ્યા, પુષ્પમાળા પહેરાવી સુંદર સુગંધિત વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું.

ભક્તજનોએ ભાવથી દર્શન કરીને આનંદ પ્રાપ્ત કર્યો હતો. યજમાન : પ.ભ. અજયભાઈ પુરુષોત્તમભાઈ સોમાભાઈએ પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

શાકોત્સવ

લોયામાં ભગવાન શ્રીહરિએ ૧૨ મણ ઘીમાં ૬૦ મણ રીંગણનો વઘાર કરીને સંતો ભક્તોને ભાવથી જમાડ્યા તે પ્રસંગની સ્મૃતિ સપ્તમીના અનુસંધાને શ્રી નરનારાયણદેવ સમક્ષ લોયા ગામનું નિર્માણ કરવામાં આવ્યું હતું. નાના ઝૂપડા ઉપરાંત સુંદર સગડી ઉપર મોટા કડાયામાં સુંદર મરી મસાલા ભરેલા રિંગણ ઉપરાંત ટમેટા-મરચાનું શાક ભગવાન શ્રીહરિ જાતે વઘારતા હોય તેવું મનોહર દ્રશ્ય ઉપરાંત ડીશો ભરીને તજ, લવીંગ, ગોળ, રાય, જીરૂ, મરચું, મીઠું, હળદર આદિ મસાલાની ડીશો ભરીને ભગવાન માટે મુકવામાં આવ્યા હતા. ભક્તો દર્શન કરીને આનંદ પામ્યા હતા. યજમાન : પ.ભ. લાધારામભાઈ પરિવારે પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

રાધાષ્ટમી

રાધાજીના જન્મદિને બ્રહ્મચારી પૂજારીએ શ્રી રાધાજીને સુંદર શણગાર ધરાવીને ખીર તથા પંજરીનો થાળ ધરીને પૂજન કર્યું હતું. શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર બાજોઠ પર શ્રી રાધાકૃષ્ણદેવનું સ્વરૂપ પધરાવીને ચારે તરફ ઝાડના કુંડા મુકીને વાતાવરણ સુંદર બનાવ્યું હતું. યજમાન : પાર્ષદ મુંકુંદ ભગત (હજુરી), પટેલ ઈશ્વરભાઈ મોહનભાઈ (સાપાવાડા) (આ.કેશીયરશ્રી), સિસોદિયા વિહુભા રાયસિંહ (કેશીયરશ્રી) (ડભોઉ)એ પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

રામનવમી

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ ઉપર સોનાનું પારણું પધરાવવામાં આવ્યું. અને અનેક રંગબેરંગી ફુગ્ગા, હાર, તોરા, આસોપાલવથી પારણાની સજાવટ કરીને ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં બ્રહ્મચારી મહારાજે આરતી ઉતારીને ભગવાનને પંજરીનો થાળ ધરાવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભગવાનને હેતથી ઝુલાવ્યા હતા. યજમાન : પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ ડાભીએ પૂજન કરી ભગવાનનો રાજીપો મેળવ્યો હતો. ભક્તજનોને પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

બાલ સ્વરુપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ

શ્રી નરનારાયણદેવ મંદિરની બાજુમાં અ.નિ.પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ અક્ષરભૂવનનું નિર્માણ કરાવીને પ્રસાદીની વસ્તુઓનું સ્થાપન કર્યું તથા બાળ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજની અતિ રમણિય દિવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરી. તે ચૈત્ર સુદ રામનવમીના અનુસંધાને બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો. સવારે

૬-૦૦ કલાકે યજમાન પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ ડાભીએ ભગવાનનું મહાપૂજન કરી દિવ્ય લાભ લીધો.

૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પીતાંબર ધારણ કરીને પધાર્યા. પંચામૃત જળ, ગંગાજળ, ગુલાબજળ, કેશર મિશ્રિત જળથી શ્રી ઘનશ્યામમહારાજનો વેદ વિધિસર મહાઅભિષેક કરી અનંત ભક્તોને દિવ્ય દર્શન કરાવ્યા. તુલસી ચંદનથી પૂજન કરી આરતી ઉતારી સૌએ નેણાભરીને દર્શન કર્યા. સભામાં યજમાન મનસુખભાઈ આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પ્રસાદીનો હાર તથા મૂર્તિ ભેટ આપી આશીર્વાદ પાઠવ્યા હતા. સવારે ૧૦-૦૦ કલાકે શ્રી ઘનશ્યામ મહારાજની અન્નકૂટની આરતી ઉતારી ત્યારે ભક્તોએ નેણાભરીને દર્શન કર્યા હતા. ઉત્સવનો સુંદર થાળ બોલીને ભગવાનને રાજી કર્યા હતા.

વિજયા દશમી

અસુર શક્તિ સામે ભગવાન શ્રી રામના વિજયના અનુસંધાને વિજયયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચાંદીના પાંચ હાથી ઉપરાતં બે ઘોડા સુંદર રીતે શણગારીને તે ઉપર ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજને વિરાજીત કર્યા હતા. બાજુમાં ચાર પાર્ષદો સેવા કરતા ઉભા હતા. વિજયયાત્રાના દર્શન કરી ભક્તો અસુર શક્તિ પરના વિજય મેળવનાર ભગવાનને વધાઈ સાથે અસુર શક્તિ પર વિજય અપાવવાની પ્રાર્થના કરતા હતા. યજમાનપદે : સ્વીડનના પ્રેસીડન્ટ પ.ભ. નરેન્દ્રભાઈએ લાભ લીધો હતો. તેમના વતી વિદ્યાર્થીઓએ પૂજન કર્યુ હતું.

એકાદશી તુલસી વિવાહ

વૃંદા નામની પ્રતિવ્રતા નારી ભગવાનને સમર્પિત થઈ તે દિવ્ય સ્મૃતિમાં ભગવાન બાલકૃષ્ણ અને તુલસીજીના લગ્નનો વિધિ સવારે ધર્મશાળામાં બ્રહ્મદેવે યજમાન પ.ભ. કાંતિભાઈ પાસે કરાવ્યો. ત્યાર બાદ શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ પર વર-કન્યાને પધરાવીને સુંદર/નવવધુના અને ભગવાનને વરઘોડીયાના શણગાર તથા પુષ્પમાળા પહેરાવીને સરસ શણગારીને વિરાજીત કર્યા હતા. ઉપરાંત ઝાડના કુંડ આદિથી શોભોમાં વધારો થયો હતો. ભક્તજનોએ ભાવથી દર્શન કર્યા હતા.

રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ

અનંત જીવાત્માઓને ધ્યાનનું સુખ આપીને તથા કીર્તનનું શ્રવણ કરીને પ્રસન્ન થતા અભય વરદાતા, દિવ્ય મૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે રંગમહોલમાં કરી હતી. કારતક સુદ-૧૨ના અનુસંધાને પાટોત્સવ ધામધુમથી ઉજવાયો. સવારે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા, શ્વેત ધોતી ખેસમાં દર્શન આપતા શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક પંચામૃત, દહીં, દૂધ, ઘી, મધ, સાકર ગુલાબજળ કેશર જળથી કરી શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારીને ભક્તજનોને અનહદ આનંદ ઉપજાવ્યો હતો.

દેવતાઓના ઉદ્ધાર માટે પ્રગટેલા સંતોષી બ્રહ્મકુમાર ભગવાન વામન નારાયણના જન્મદિને શ્રી નરનારાયણદેવ સમક્ષ ભગવાન વામનનારાયણના સ્વરૂપને પધરાવીને ટુંકી ધોતી ઉપવસ્ત્ર મુંજની માળા કમંડલુ ઉપરાંત છત્રી અને ટોપી ધારણ કરાંવી બાજોઠ ઉપર પધરાવ્યા હતા. યજમાન : પ.ભ. મુકેશભાઈ વસંતભઈ ટાંક પરિવારે પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

નૃસિંહ જયંતી

ભક્ત પ્રહલ્લાદ ઉપર વારી-વારી જઈને કરૂણાનિધિ પરમાત્મા નૃસિંહ સ્વરૂપે પ્રગટ થયા. શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ ઉપર શ્રીનૃસિંહ ભગવાનના સ્વરૂપને તથા ભક્ત પ્રહલ્લાદના સ્વરૂપને પધરાવીને સુંદર પુષ્પમાળા ધુપદીપ કરી અસુર સંહારવા કોઈ પણ સ્થિતિમાં પધારતા ભગવાનને ભક્તોએ પ્રાર્થના કરી વંદના કરી હતી. યજમાન : પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા) એ પૂજન કરી દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો.

પૂનમ શ્રી હનુમાન જયંતી

દાસત્વ ભક્તિ અને નિષ્ઠાભક્તિના ઉત્તમ ઉદાહરણરૂપ ધર્મકુળદેવતા શ્રી હનુમાનજી મહારાજના જન્મદિન ચૈત્રી પૂનમના અનુસંધાને શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ ઉપર શ્રી હનુમાનજી મહારાજનું સ્વરૂપ પધરાવ્યું હતું. સુંદર આંકડાની માળા ફળોની ટોપલી અને સિંદુર તિલક કરી દુક અર્પણ કરેલ હતો. ભક્તજનોએ નેણા ભરીને દર્શન કર્યા હતા.

યજમાન : અ.નિ. શાંતાબેન શંકરલાલ પટેલ મેતપુરવાળા અને અશોકભાઈ શંકરલાલ પટેલ વતી બ્રહ્મચારી સ્વામીએ પૂજન કર્યું હતું.

કેશર સ્નાન

અક્ષય તૃતીયાથી જેષ્ઠા નક્ષત્ર સુધી ગ્રીષ્મઋતુમાં ભગવાનને ચંદનના વાઘા ધારણ કરાવવામાં આવે છે. જેષ્ઠા નક્ષત્રની શરૂઆત થતા જ ભગવાનને કેશર મિશ્રિત જળથી શંખ વડે અભિષેક કરવામાં આવે છે. તે અનુસંધાને શ્રી નરનારાયણાદિક દેવોને કેશર સ્નાન ઉત્સવ ઉજવવામાં આવ્યો. સવારે- ૬-

૦૦ કલાકે યજમાન શ્રી વસંતભાઈ ત્રિભોવનદાસ ટાંક અને પરિવારજનો એ બ્રહ્મદેવો દ્વારા ભગવાનનું મહાપૂજન કર્યું હતું. ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં અત્યંત કિંમતી સુગંધિત કેશર જળથી ભગવાન શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું હતુ. ત્યારબાદ તુલસી ચંદનથી ભગવાનનું પૂજન કરી આરતી ઉતારી ભક્તજનોને અનહદ આનંદની પ્રાપ્તિ કરાવી હતી. પ્રાસંગિક સભામાં યજમાન પ.ભ. વસંતભાઈ ટી. ટાંકે રાજીપો મેળવ્યો હતો.

હિંડોળા

શ્રાવણ માસના અનુસંધાને સતત ચાર દિવસ સુધી હિંડોળા ઉત્સવ ઉજવવામાં આવ્યો. પ્રતિદિન ગુલાબ, ચંપો, લીલી, કેતકી, ગુલદાવદી, હજારી ઉપરાંત આસોપાલવ પત્રથી સુંદર ફુલના હિંડોળામાં શ્રી હરિકૃષ્ણ મહારાજને ઝુલાવીને ભક્તજનોએ દિવ્ય દર્શન કર્યા હતા.

યજમાન : પ.ભ. મિશાલ હેમંતભાઈ પટેલ નડિયાદવાળા (અમેરિકા)એ લાભ લીધો હતો.

છપૈયાધામ દર્શન

ઉત્તર વિભાગની દિવ્ય સંપત્તિ ભગવાન શ્રી બાલ ઘનશ્યામ મહારાજની પ્રાકટ્ય ભૂમિ છપૈયા ધામનું નિર્માણ શ્રી નરનારાયણદેવ સમક્ષ કરવામાં આવ્યું, ઉંચા-ઉંચા, વૃક્ષો, નાના-નાના મકાન, ખેતરો, કુણું-કુણું ઘાસ, ચબુતરો, શ્રી નારાયણ સરોવર, ગાડા, બળદ, ગાયો તથા છપૈયા મંદિરની ઝાંખી કરાવતું આબેહૂબ છપૈયાનું મંદિર શ્રી ઘનશ્યામ જન્મભૂમિ, ધર્મભક્તિ નિવાસ સ્થાનનું સુંદર સર્જન કોઠારી સ્વામી તથા વિદ્યાર્થીઓએ ખૂબ મહેનત તથા દોડા-દોડી કરીને કર્યું હતું. ધર્મભક્તિ નિવાસ સ્થાન પાસે બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનું દિવ્ય સ્વરૂપ પધરાવીને પુષ્પમાળા તથા પુષ્પ ગજરો ધરાવીને ભગવાનને રાજી કર્યા હતા. સૌ ભક્તો છપૈયાધામના દર્શન કરીને અત્યંત આનંદિત થયા હતા. યજમાન : પ.ભ. જી.કે. પટેલે (સ્કીમ કમિટી સભ્ય) પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

વનવિચરણ દર્શન

અનંત જીવાત્માના ઉદ્ધાર માટે માતા-પિતા, ભાઈ-ભાભીના સ્નેહ છપૈયા તથા અવધ નિવાસીનો પ્રેમ છોડીને ફક્ત ૧૧ વર્ષની ઉંમરે ઘરનો ત્યાગ કરીને વનમાં વિચરતા તપસ્વી ભગવાન શ્રી નિલકંઠવર્ણીના વન વિચરણનું દર્શન - શ્રી નરનારાયણદેવ સમક્ષ કરવામાં આવ્યું.

અનેક પ્રકારના વૃક્ષોના ડાળખાથી આખા વાતાવરણને આબેહૂબ જંગલ બનાવવામાં આવ્યું વચ્ચે હિમાલયની ગિરિકંદરા શિખરો બનાવવામાં આવી. તે સમક્ષ બાળ તપસ્વી ભગવાન શ્રી નિલકંઠવર્ણીનું મનોહર સ્વરૂપ પધરાવીને કૌપિન, બહિર્વસ્ત્ર, કમંડળુ, મુંજની માળા, પુષ્પમાળા, જળ, ગળણુ તેમા શાલીગ્રામ ભગવાન, યજ્ઞોપવિત તુલસીની કંઠી તથા હસ્ત કમળમાં તુલસીની માળા અર્પણ કરીને વંદના કરી. અનંત ભક્તો વન વિચરણ દર્શન કરીને અત્યંત આનંદિત થયા હતા.

જન્માષ્ટમી

ભગવાન શ્રી કૃષ્ણનારાયણના જન્મોત્સવના અનુસંધાને જન્માષ્ટમી મહોત્સવ ઉજવવા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મોત્સવ શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર પાટ ઉપર સોનાનું પારણું પધરાવવામાં આવ્યું. અને અનેક રંગબેરંગી ફુગ્ગા હાર, તોરા, આસોપાલવથી પારણાની સજાવટ કરીને ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. બ્રહ્મચારી મહારાજે આરતી ઉતારીને ભગવાનને પંજરીનો થાળ ધરાવ્યો હતો. સંત, હરિભક્તોએ નેણા ભરીને દર્શન કર્યા હતા. ભક્તજનોને પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

યજમાન પ.ભ. શ્રી જગદીશભાઈ સેમીટ્રોનિકવાળાએ પૂજન કરીને પ્રભુનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

નંદ મહોત્સવ

ગોકુળમાં નંદ યશોદા, ગોપ-ગોપીઓએ આનંદથી ભગવાનનો જન્મોત્સવ ઉજવ્યો. વ્રજભાષામાં જેને નંદ મહોત્સવ કહેવાય છે. શ્રી નરનારાયણદેવ સમક્ષ નવમીના પ્રભાતે શ્રી ગોકુલનું નિર્માણ કરવામાં આવ્યું. ઉંચા ઝાડ, વનરાજી, ગાયો, ગાડા, નાના નાના ઘર અને સોનાનું પારણું આદિથી સુંદર શભા ગોઠવવામાં આવી હતી.

યજમાન : પ.ભ. વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલે પૂજન કરી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

હિમાલય દર્શન

શ્રી નરનારાયણદેવ સમક્ષ બદ્રિકાશ્રમના અનુસંધાને હિમાલયનું નિર્માણ કરવામાં આવ્યું. તપસ્વી ભગવાન શ્રી નરનારાયણદેવની પીછવાઈ, સિંહાસન ઉપર આજુબાજુ, ચરણમાં, પગથીયામાં, બારસાખ, ઉંબરો, ઉંબરા સમક્ષ દિવાલોમાં મેડીકલ કોટન "રૂ"ની બર્ફિલુ વાતાવરણ દર્શાવવામાં આવ્યું. બહારના ભાગે બર્ફિલી પર્વતમાળા ઉંચી ગિરિશિખરો બનાવવામાં આવી. તેમાં તપસ્વી ભગવાન શ્રી નિલકંઠવર્ણી પધરાવવામાં આવ્યા. અને કૈલાસ નિવાસી ભગવાન ચંદ્રમૌલેશ્વરને પધરાવવામાં આવ્યા. તથા માનસરોવરનું નિર્માણ કરવામાં આવ્યું. હિમાચ્છાદિત બદ્રિકાશ્રમમાં વિરાજતાં શ્રી નરનારાયણ ઋષિને તપસ્વીના વસ્ત્ર,

મગૃચર્મ, મુંજની મેખલા માથે સુંદર જટા, કમંડળુ જપમાળા ધરાવવામાં આવ્યા. હિમાલયમાં અનંત ભક્તો કાજે તપ કરતા ભગવાન શ્રી નરનારાયણ ઋષિના અત્યંત તેજસ્વી મનોહર અદ્‌ભૂત દિવ્ય સ્વરુપનાં દર્શને સમસ્ત અમદાવાદના ભક્તો ઉમટી પડ્યા. મંદિરમાં માનવ મહેરામણ સમાય નહિ સતત બે દિવસ દશમ-એકાદશી બદ્રિકાશ્રમ-દર્શન, ઋષિ દર્શન કરી ભક્તજનો અત્યંત આનંદ પામ્યા.

એકાદશીના દિને સમૂહ મહાપૂજા

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ સ્થપાન કરેલ મહાપૂજા અમદાવાદ મંદિરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પ્રતિદિન થાય છે. સૌ ભક્તોને સાથે ભગવાનની મહાપૂજાનો લાભ મળે એટલે સમૂહ પૂજનનો કાર્યક્રમ પવિત્ર સભામંડપમાં રાખવામાં આવ્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વિદેશ યાત્રાએ હોવાથી પૂ. મહંત સ્વામીની આજ્ઞા મુજબ અમદાવાદ મંદિરના વયોવૃદ્ધ સ.ગુ. પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજીએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શોડષોપચારથી ભગવાનની મહાપૂજા વિધિ કરાવી મુખ્ય યજમાન પદે ડૉ. કનુભાઈ એસ. પટેલે લાભ લીધો હતો. સાથે ૬૦ હરિભક્તોએ મહાપૂજામાં લાભ લીધો હતો.

પૂજ્ય પુરાણી સ્વામીએ ભગવાનનું વ્યવસ્થિત પૂજન આવાહ્‌ન, પાદ્યમ, અર્ઘ, દહીં, દુધ, ઘી, મધ, સાકર શુદ્ધજળથી સ્નાન, કેશર જળથી મહાઅભિષેક ગુલાબજળ, ગંગાજળથી સ્નાન, વસ્ત્ર યજ્ઞોપવિત, તુલસી ચંદન પુષ્પમાળા, ધુપ દીપ નૈવેદ્ય. મહા નિરાજન આરતી મંત્ર, જાપ, તુલસીદળ જનમંગલથી પૂજન મંત્ર પુષ્પાંજલી આદિ વિધિ ખૂબ શાંતિથી સરળતાથી સૌને અત્યંત આનંદદાયક વાતાવરણમાં ભક્તજનોએ દિવ્ય લાભ લઈને અંતરના અહોભાવને પ્રગટ કરી આનંદ સાથે ધન્ય ભાગ્ય માન્યું હતું. સતત પાંચ દિવસ સુધી હિમાલયના દર્શન કરી સૌ ભક્તો ભારે આનંદ પામ્યા હતા.

દીપાવલિ - અન્નકૂટ ઉત્સવ

વ્રજમાં બાલકૃષ્ણલાલે ગોવર્ધન પૂજન કરી અન્નકૂટ ઉત્સવ ઉજવ્યો તે અનુસંધાને અમાસના દિને ભગવાન સમક્ષ દીવડા પ્રગટાવીને સુંદર શણગાર ધરાવીને દીપાવલિ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

અન્નકૂટના યજમાન પદનો લાભ ઘણા ભક્તોને પ્રાપ્ત થાય તે હેતુથી ૩ મંદિર અને ૩ ઘનશ્યામ મહારાજના કુલ ૬ યજમાન પરિવારે લાભ લીધો હતો. દરેક યજમાનોએ ગોવર્ધન પૂજન કરી ભગવાનનો રાજીપો પ્રાપ્ત કર્યો. કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજીની સીધી દેખરેખ હેઠળ પવિત્ર રસોઈયા દ્વારા તૈયાર કરવામાં આવેલ અન્નકૂટની વાનગીઓ પવિત્ર થાળમાં ભગવાનને ધરાવવામાં આવી. ભગવાન આગળ સુંદર અન્નકૂટની રચના કરાવમાં આવી. ૧૧-૦૦ કલાકે અન્નકૂટની આરતી બાદ સતત ૪-૦૦ કલાક સુધીમાં હજારો ભક્તોએ થાળ આરોગતા ભગવાનના દર્શન કરીને દિવ્ય લાભ લીધો હતો.

સમૂહ વિષ્ણુયાગ મહોત્સવ

સમગ્ર અધિકમાસમાં લાભ લેનારા યજમાન તથા સહ યજમાનોને સજોડે લાભ મળે એ હેતુથી સમૂહ વિષ્ણુયાગનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

વ્રજેન્દ્રમહોલના વિશાળ હોલમાં યજ્ઞશાળાની રચના કરવામાં આવી. યજ્ઞની તૈયારીમાં કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજીએ અંગત રસ લઈને કોઠાર સ્ટાફના વિદ્યાર્થીઓને સતત દોડતા રાખીને વરસતા વરસાદમાં કાચી ઈંટો, ચુનો, લાકડા, છાણા, બાજોઠ, શ્રીફળ પાટલા આદિ પૂજાપાનો સામાન એકત્રીત કર્યો. દ્વિતીય અમાસના દિને પ્રભાતે સર્વ યજમાનો સૂચન મુજબ સજોડે પવિત્ર વસ્ત્ર પરિધાન કરીને પૂજામાં વર્યા.

પુરોહિત કમલેશભાઈ તથા બ્રહ્મદેવોએ વેદના મંત્રોચ્ચાર પૂર્વક સતત બપોરના ૧-૦૦ વાગ્યા સુધી વિષ્ણુયાગમાં યજ્ઞનારાયણને યજમાનો દ્વારા આહુતિ આપવામાં આવી. ૧૦-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વિદેશ પ્રવાસે હોવાથી પૂ. મહંત સ્વામીના વરદ્‌ હસ્તે શ્રીફળ હોમવામાં આવ્યું, ઉપરાંત યજ્ઞશાળામાં જ તમામ યજમાનશ્રીઓને અધિક માસમાં સુંદર સેવા બદલ ગુલાબના પુષ્પનો પ્રસાદીનો હાર તથા અન્નકૂટના પ્રસાદનું પેકેટ તથા શ્રી નરનારાયણદેવની ચાંદીની મૂર્તિ ભેટ આપવામાં આવી. યજ્ઞશાળામાં શ્રીનરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ સુંદર સેવા બજાવી હતી. બપોરે બે કલાકે તમામ યજમાનોને મંદિરમાંજ મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. ખરેખર ! વિષ્ણુયાગ મહોત્સવ આનંદદાયક અને અવિસ્મરણીય રહ્યો. પવિત્ર અધિકમાસ દરમ્યાન પ્રતિદિન ભગવાન આગળ પ્રસંગે પ્રસંગના ઉત્સવના સુંદર કીર્તનો વાંજીત્રો સહિત ગાઈને ઉત્સવ કરતા તમામ ઉત્સવીયા ભક્તજનોને જમાડવામાં આવ્યા. અધિકમાસમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા પૂ. મહંત સ્વામીની પ્રેરણા કોઠારી સ્વામીની મહેતન ઉપરાંત કોઠાર સ્ટાફના વિદ્યાર્થીઓની ભાવપૂર્ણ મહેતનથી અધિકમાસ ખૂબ ધામધુમથી ઉજવાઈ ગયો. ભક્તજનોના હૃદયમાં ઉત્કૃષ્ટ આનંદની પળો છોડતો ગયો !

(અહેવાલ - કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી)

હેતને હિંડોળે

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)



ઝુલો ઝુલો હરિવર હેતને હિંડોળે
હિંડોળો કેવો ઝાકમઝોળે !
આંખની અટારીએ મારાં છોગાળાં શ્યામજી
માધુરી મૂરતિ, દિસે હર પળે !

શ્રાવણ મહિનો આવે એટલે મંદિરોમાં હિંડોળાની મોસમ પુર બહારમાં ખીલે. વર્ષા રાણી રીઝે, ધરતી પણ મહેકે અને હરિભક્તના ઉરમાં શ્રીહરિને ઝુલાવવાનાં મનોરથોનાં ઘોડાપુર ઉમટે !

શ્રાવણ મહિનો એટલે ભક્તિનો મહિનો "સર્વે વૈષ્ણવના રાજા, એવા જે શ્રી વલ્લભાચાર્ય, તેના જે પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી, તે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા અને તે વિઠ્ઠલનાથજી એ કર્યો જે નિર્ણય, તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું." (શિક્ષાપત્રી ૮૧-૮૨)

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની આજ તો ખૂબી એમને સર્વોપરિનું બિરુદ આપે છે.

પ્રેમલક્ષણા ભક્તિથી પુષ્ટ એવી પુષ્ટિ માર્ગીય શ્રીકૃષ્ણ ભક્તિ ને તથા વૈષ્ણવ સંપ્રદાયની સેવા રીતિને સીધે સીધી આજ્ઞારૂપી વણી લીધી છે. જે ઉત્તમ છે તેને સંપ્રદાયમાં સીધે સીધું અપનાવી લીધું.

અષાઢી વીજ ઝબૂકે એટલે નાનકડી બાળાઓ અને કિશોરીઓની ગોર્યો તથા જય પાર્વતી વ્રત શરૂ થાય. શ્રાવણનાં ઉત્સવોનું જાણે આ બાલિકાઓ પ્રત્યેક વરસે ઉદ્‌ઘાટન કરે છે !

ભીનો ભીનો ઝરમરિયો વાયુ રેલાતો હોય, ધરતીમાંથી ઉદ્‌ભવતી મીઠી મીઠી સુગંધને સ્પર્શીને આ વાયુ ભક્તના હૈયામાં ભક્તિની મીઠાશને ઢંઢોળે છે. બસ, મારો હિંડોળા ઉત્સવનો મહિનો હવે ઢૂંકડો જ છે ને ? એના ઉરમાં આનંદ આનંદ વ્યાપી જાય છે.

વૈષ્ણવ સંપ્રદાયના મંદિર કે હવેલીમાં શ્રાવણમાસનાં ઠાકોરજીના હિંડોળા ખરેખર માણવા જેવાં હોય છે. ખૂબ બારીકાઈથી સજાવેલાં હોય છે.

અને શ્રીજી મહારાજના વ્હાલા વૈષ્ણવો એવા નંદસંતો પૈકી "પ્રેમસખી" પ્રેમાનંદ સ્વામીનો શ્રીહરિવર પ્રત્યેનો સ્નેહ, હિંડોળા પદમાં છલકાવા માંડે છે.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી ધર્મકુંવરને હેડાનો હાર પહેરાવી સોનાના પારણિયે ઝુલાવે છે.

સત્સંગીની "મા" એવા મોટેરા મુક્તાનંદ સ્વામીની શ્રીહરિ પ્રત્યેની મમતા, ગોપી કે રાધિકાનું સ્વરુપ ધારણ કરી, શ્યામસુંદરને કાલિંદીના જળમાં બિરાજમાન કરે છે.

આપણા નંદસંતોએ એવા મીઠા અને રસમધુરાં કીર્તનો આપ્યાં છે. અને અધધ.. સંખ્યામાં એ કીર્તનો ગાયાં છે કે માત્ર નંદસંતોના જ કીર્તનો ને જો આરાધીએ તોય પાર ના આવે એટલી એની સંખ્યા છે ! પછી એ પ્રભાતિયાં હોય, ઉત્સવનાં કીર્તનો હોય, ઉપદેશનાં કીર્તનો હોય, વિવાહ કે વિરહનાં કીર્તનો હોય કે પછી લીલાભક્તિનાં, નામ બોલો ને એમનું કીર્તન મળી રહે !

બ્રહ્માનંદ સ્વામીનાં, રોમે રોમ ઝણઝણાટી પેદા કરતાં છંદતો પાછા જુદાં. એ છંદોમાં એવી ભવ્યતા છે કે આખા ને આખા ડોલી ઉઠીએ ! અને કેમ ના હોય ! જુનાગઢના નવાબને એમણે ચોખ્ખું પરાખાવેલું કે : "નામદાર ! માફ

કરજો. જે મુખેથી શ્રી સ્વામિનારાયણનું અમૃતપાન કર્યું છે તે હવે કોલસો નહીં ચાવે !''

આવા અડીખમ બ્રહ્માનંદ સ્વામી, શ્રાવણ મહિનો આવે એટલે શ્રીહરિને સોનાના પારણિયે ઝુલાવે છે.

સોનાના બોર ઝુલે નંદકિશોર
પ્યારાને પારણે સોનાના બોર.
હીરા માણેક બહુ જડિયાં પારણિયે
કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર.... પ્યારા.
હીલો ગાવેને માતા હરિને ઝુલાવે,
હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર.... પ્યારા.
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વાલમનું,
ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર... પ્યારા.

કાનુડાને આજ જોયો નથી અને ગોપી કેવી વિહ્વળ બની જાય !

"આજ હું આવી છું મુખ માવાનું જોવા
ઘરનાં જાણે છે ગઈ છે ગાવલડી દો'વા."

"ગાવલડી દોહવાને જાઉં છું'' એમ બહાનું બતાવીને નંદકિશોરને પારણિયે ઝુલતો નિહાળવા માટે ગોપીના હૃદયમાં જેવી આતુરતા અને જેવો સ્નેહ છે, એવા જ સ્નેહથી બ્રહ્માનંદ સ્વામી ધર્મકુંવરને પારણિયે ઝુલતાં નિહાળે છે અને ગાઈ ઉઠે છે.

ધર્મકુમાર મારા હૈડાનો હાર
ઝુલે પારણિયે ધર્મકુમાર
બ્રહ્માનંદનો વાલો લટકાળો લાલો,
અજબ રંગીલો છેલ પ્રાણ આધાર.... ઝૂલે

પારણિયે ઝુલતાં ઝુલતાં ધર્મકુંવરની આંખડી મળી જાય છે. ભક્તિમાતા હીરની દોરીથી ઝુલાવે છે. અને શ્રી ઘનશ્યામ પોઢી જાય છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામી એ છબી જોઈ ગાઈ ઉઠે છે.

સંતોના શ્યામ દોયલી વેળાના દામ,
પોઢ્યા પારણિયે સંતોના શ્યામ.
બ્રહ્માનંદનો વાલો જન્મ સંગાથી,
વ્રજના વાસીને ઠરવાનું રે ઠામ.... પોઢ્યા

આ સર્વે કીર્તનો, કાનુડાને નામે અને વ્રજવાસી ગોપી કે રાધિકાને નિમિત્ત બનાવીને સ્વામીએ રચ્યાં છે. પરંતુ સ્વામીના અંતરમાં તો :

"ધર્મકુંવર ઘનશ્યામજી મારા પ્રાણ તણાં આધાર
જોઈને જીવું છું...."

"ગોપી-કાનની ભક્તિમાં જે મીઠાશ અને આત્મીયતાં છે એવી જ મીઠાશ અને આત્મીયતા અમને અમારા શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યે છે.'' અને તો જ આવા ભાવવાહી કીર્તનો આપો આપ સરી પડે છે.

બ્રહ્માનંદસ્વામીના અંતરમાં તો છોગલાંધારી શ્રીહરિવરની જ મૂરતિ બિરાજે છે અને પારણિયે ઝૂલાવતાં ઝુલાવતાં એક જ અરજ કરે છે :

તમ વિના મારે ઘડી ન ચાલે, પડી પટોલે ભાત
બ્રહ્માનંદના વાલમા, આવી રહો મારે ઘેર રાત.

નિત્ય રાત્રિએ તો મારા હૃદય આવાસમાં આપ જ બિરાજમાન રહો છો. અમે તો કથા કીર્તનાદિકનો ચારો ચરીને આપની મૂર્તિરૂપી ખીલો અને માળો એમાં જ વિરામ કરીએ છીએ.

અન્ય હિંડોળા પદોની અંતિમ કડીઓ તો જાણે અક્ષરધામ પામવાની કેડી બની ગઈ છે :

૧. કરુણાસિંધુ અખંડિત કાયા, માયા પર મુરારી રે,
બ્રહ્માનંદ હિંડોળાની શોભા, તીન લોક દુઃખહારી રે.
૨. હરિવરનો હિંડોળો જોઈને, મગન થયા ત્રિપુરારી રે,
બ્રહ્માનંદના નાથને નીરખ્યા, તે ધન્ય ધન્ય નરનારી રે.

આ બાજુ હિંડોળા ઉત્સવમાં પ્રેમાનંદ સ્વામી એવા પ્રેમ મગ્ન બની શ્રીહરિને ઝુલાવે છે કે :

ઝુલાવું રે હિંડોળે સુંદર શ્યામને રે,
મણીકંચનના સ્તંભ મનોહર, ડાંડીયાર અનુપમ સુંદર
હીરા પટુલી જડાવું શુભ સુખધામને રે... ઝુલા...
હીરતણી દોરી લઈ સારી, ઝુલાવું હળવે ગિરધારી,
પ્રેમાનંદ બલિહારી હરિના નામને રે.... ઝુલા.

બીજા એક કીર્તનમાં પ્રેમાનંદ સ્વામી શ્રીહરિવરને હિંડોળે ઝુલાવાનું આમંત્રણ આપતાં કહે છે :

રંગભીના રે શામળીયા આવો ઝુલીયે રે... રંગ.
બાંધુ ફૂલ હિંડોળો પ્યારા, પહેરાવું પટભૂષણ સારા,
નંદકુંવર તમને નીરખીને ફુલીયે રે... રંગ
અલબેલા ઉરમાં લખી રાખું, તનમન તમપર વારી નાંખું,

પ્રેમાનંદ કહે આ અવસર નહિ ભૂલીયે રે... રંગ

સાક્ષાત્ શ્રીહરિને પારણિયે ઝુલાવતાં હોઈએ એ અમૂલો અવસર કેમ ભૂલાય !

કદમ કુંજમાં નટવરવરને ઝુલાવતાં ઝુલાવતાં પ્રેમાનંદ સ્વામી ત્રિભુવનના સર્વે સુખને વારી ફેરીને નાંખે દે છે તોય તૃપ્તિ થતી નથી.

બંદ્રાવનમેં હિંડોરે ઝુલે પ્યારો, બંદ્રા.
નવલ હિંડોરે ઝુલત નટવર, નંદકુંવર દ્રગન તારો બંદ્રા
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી પર, ત્રિભોવન કો સુખ વારી ડારો.

અન્ય હિંડોળાના પદોમાં પ્રેમાનંદ સ્વામીનાં હેત કેવાં વરસે છે !

૧. ઝુલાવું હેતે કરી રસીયા, તમે મારા અંતરમાં વસીયા,
પ્રેમાનંદના પ્યારા રસીયા.

૨. મનોહર મૂરતિ તમારી, વ્હાલમાંહી શોભે અતિ પ્યારી,
પ્રેમાનંદ રાખે ઉરધારી....

૩. યહ છબી નીરખી નાથ તુમારી, મદન ભયો હતલાજ,
ગોપીનાથ રહો નેનનમે, પ્રેમાનંદ શિરતાજ....

૪. યચ્ર્યુ કેસર ચંદન કુમકુમ અત્તર સરસ કુલેલ,
પ્રેમાનંદ કહે નાથ નીરખી થાને, બઢ્યો નેહ રંગરેલ.

૫. કરત વિહાર વિશ્વ કે કારન, નીરખી યક્તિ મતિ મોરી
શ્રી ઘનશ્યામ માધુરી મૂરતિ, પ્રેમાનંદકી યહ જીવન દોરી.

૬. પ્રેમાનંદ ઘનશ્યામ છટા પર, તન મન પ્રાન જાતવારી

શ્રી ઘનશ્યામની માધુરી મૂરતિ જ એમની જીવન દોરી છે. એ મૂર્તિને હૃદય-હિંડોળે પધરાવી આવાં સુંદર કીર્તન ગાય છે.

શ્રાવણ વદ ત્રીજનો દિવસ આવે શ્રીહરિ આજે હિંડોળેથી ઉતરે. આખો શ્રાવણ શ્રીહરિને હેતે ઝુલાવ્યા પછી કેટલાં પ્રેમથી હિંડોળેથી ઉતારે છે !

૧. શ્રાવણ વદી ત્રીજ દિન સારો, ઉત્સવ આનંદકારી રે,
ઉતરે આજ હિંડોળેથી હરિ, કેશવકુંજ બિહારી રે.

૨. ધન્ય ધન્ય દિવસ આજ મંગળમય, ધન્ય મુહૂર્ત ધન્યવાર રે,
આજ હિંડોળેથી હરિ ઉતર્યા, નટવર નંદકુમાર રે.

ઉત્સવ આજ થયો સંપૂરણ, હિંડોળાનો સુખસાર રે,
શ્રી ઘનશ્યામ પિયા પર તનમન, પ્રેમાનંદ બલિહાર રે.

હવે મુક્તાનંદ સ્વામી "યમુના નદીમાં જળક્રીડા કરતાં ઘનશ્યામને" અને "કાલિંદી મધ્ય કહાન" ને પ્રતીક બનાવી આવાં સુંદર કીર્તન રચે છે.

૧. યમુનામેં ઘનશ્યામ ખેલત પ્રભુ યમુનામેં ઘનશ્યામ.
ચહુદીશ ગ્વાલ સખાકે મંડલ, બીચ રાજન સુખધામ.
જય જય શબ્દ કરત વ્રજવાસી, ગાવત નૌતમ ગીત
મુક્તાનંદ કે શ્યામ સોં સબહું ભઈ હૈ અલૌકિક પ્રીત.

૨. કાલિંદી મધ્ય કહાન, રમત નિત્ય કાલિંદી મધ્ય કહાન
ગોપી ગ્વાલ સખા સંગ લેકર, સુંદર શ્યામ સુજાન,
યું વ્રજમેં નિત્ય નૌતમ લીલા, કરત સદા ઘનશ્યામ,
મુક્તાનંદ કો પ્રભુ સુખસાગર, રાજત ગોકુલ ગામ.

આ બાજુ વડતાલ મધ્યે આમ્રવૃક્ષ તળે બાર દરવાજાનો કલાત્મક હિંડોળો બનાવી નિષ્કુળાનંદ સ્વામી સ્વયં શ્રીજી મહારાજને ઝુલાવે છે. શ્રીહરિ પ્રસન્ન થકા બાર સ્વરૂપો ધારણ કરી પ્રત્યેક દરવાજે ઝુલતાં ઝુલતાં સૌ હરિભક્તોને અઢળક દર્શન સુખ આપે છે. આ પ્રસંગ, આ લીલા ચરિત્ર અને એના ઉપર રચાયેલ કીર્તન પણ એવા જ ભાવ વાહી છે.

હિંડોળા ઉત્સવના આ બધાં જ કીર્તનો ચાહે પછી તે - બ્રહ્માનંદ સ્વામીનાં હોય, મુક્તાનંદ સ્વામીના હોય, પ્રેમાનંદ સ્વામીનાં હોય કે કૃષ્ણાનંદ ના હોય - સર્વે કીર્તનોમાં

"શોભા સાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે"

એજ એક ભાવ છે અને સુખસાગર શ્રીહરિને ઝુલાવતાં ઝુલાવતાં આનંદની અવધિમાં એવાં તો સરી પડે છે કે

"(મુક્તાનંદ) મોહનસંગ મળતાં મોજ અમુલખ માણી રે"

એ જ એક માત્ર કીર્તનની ચરમસીમા છે.

શ્રાવણિયા ઉત્સવો દરમ્યાન "હેત ને હિંડોળે" શ્રીહરિને ઝુલાવતાં ઝુલાવતાં રચાયેલાં આ સર્વે કીર્તનો અતિ મધુર અને શ્રીહરિ રસનાં સૌંદર્યથી ભરપુર છે.

શાંત ચિત્તે કીર્તનોનું પુસ્તક લઈને-પ્રત્યેક કીર્તનના શબ્દે શબ્દને સમજીને જો ગાઈએ તો સ્હેજે સ્હેજે સમજાય છે કે સરળ છતાં અનુપમ લાલિત્ય થી ભરપુર આવી પદ્ય-ગરિમાં અન્યત્ર ક્યાંય નથી.

નંદસંતોનાં મધુર કીર્તનો ગુજરાતી પદ્ય સાહિત્યનો અનોખો શણગાર છે.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સરલ વરતવે સાઝું રે મનવા

- શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

શ્રાવણ મહિનો એટલે ઉત્સવ, ભક્તિ, સત્સંગ, ભજન, તપ, વ્રતની સીઝન જોઈલો. દરેક મંદિરોમાં વિશેષ કાર્યક્રમો યોજાતા હોય છે. ક્યાંક ભક્તો ભેગા મળીને ભજન કરે તો ક્યાંક વળી સંતોના સાનિધ્યમાં સત્સંગ ચાલે. મુમુક્ષુઓ અને ભાવિકો સમય મેળવીને પણ સત્સંગમાં બેસે. અને નિસ્વાર્થ પણે અને સાચા ભાવથી જ્યાં સત્સંગ થતો હોય ત્યાં પથ્થર પણ પીગળે. ભલભલાને આકર્ષણ થાય.

એવા એક ગામમાં નાનકડું મંદિર ત્યાં શ્રાવણ માસમાં સંતો આવેલા. દરરોજ કથા-વાર્તા થાય, સત્સંગ થાય અને ભજન-ધૂન્યની તો એવી રમઝટ બોલે કે ન પૂછો વાત. સહુ કોઈ તન્મય બની ભાવ વિભોર થઈ એકાગ્ર બની ભજન કરે. બાજુમાં એક શેઠના મુનિમ રહે. એના કાને દરરોજ સત્સંગ-ભજનના શળો પડે. શરૂઆતમાં તો મુનિમને એમ થયું કે આ લોકો બધા નકામો સમય બગાડે છે. પણ ધીરે ધીરે જેમ જેમ સમય વિતવા લાગ્યો તેમ તેમ મુનીમને ખેંચાણ વધવા લાગ્યું. અને ધીમે રહીને મંદિરના ઓટલે આવીને બેસતા થયા. ઓટલે બેઠા બેઠા તાળીઓ ભેગી તાળીઓ પાડે અને ધીમે ધીમે હોઠ ફફડાવે. સંતોના ઉપદેશના શબ્દો કાન ધરીને સાંભળે. અંતરમાં સારૂ લાગવા માડ્યું. અને બેચાર દિવસમાં તો મંદિરમાં આવીને સહુની સાથે ભજનમાં ભળી ગયા. બધું ગમવા મંડ્યું. નિયમિત આવે ખરા પણ ચિત્ત ચોટે નહીં, ભજનમાં મન લાગે નહી.

એક દિવસ મુનિમજીએ સંતો પાસે બેસીને પોતાના દિલની સત્ય હકીકત કહી. એ સાંભળીને સંતોએ કહ્યું કે બીજું તો કોઈ પાપ નથી પણ તમે



શેઠના પાંચ હજાર રૂપિયા ચોરી લીધેલા છે એ કોઈ જાણતું નથી પણ હવે એ પાછા આપી દો.

થોડા દિવસ પછી સંતોએ પૂછ્યું. શું મુનિમજી ! હવે ભજનમાં મન લાગે છે કે નહી ? ત્યારે મુનિમે કહ્યું કે થોડું થોડું લાગે છે બરાબર નહી. મુનિમજી એવું બને જ નહી. તમે રૂપિયા આપી દીધા હશે પણ માફી નહી માગી હોય માટે માફી માગો, હાય હાય ! મહાત્માજી તો તો મારી આબરુ જાય. મેં તો છાનામાના જ રૂપિયા મુકી દીધેલા છે. માફી માંગુ તો તો શેઠને ખબર પડે અને મારો વિશ્વાસ તુટે. ત્યારે સંતો કહે ચાલો અમે તમારી સાથે આવીએ. તમને કોઈ વાંધો નહીં આવે.

મુનિમજીની સાથે સંતો શેઠ પાસે ગયા. બધી હકીકત કહી, વાત સાંભળીને શેઠ તો આશ્ચર્યમાં પડી ગયા. અને આટલી નાની ભૂલ બદલ આટલી નમ્રતા અને નિખાલસપણાથી શેઠ રાજી થઈ ગયા. મુનિમને ભેટી પડ્યા. પગાર વધારો કરી આપ્યો. મુનિમજી મનોમન સંતોને વંદી રહ્યાં અને સત્સંગનો શું પ્રતાપ છે એ મુનિમજીને બરોબર સમજાઈ ગયું.

જેમ હીરાને બહુવિધ પેલ હોય છે. એમ આ વાર્તામાં જે બાજુથી જોશો એ બાજુથી તમને ચળકાટ દેખાશે. દા.ત. નિખાલસ થાય અને ક્ષમા યાચે તો એને લાભ થાય છે જ. પરંતુ બીજી વાત નિખાલસતા અને કબૂલાત કરવા જેટલી હિંમત સત્સંગમાંથી આવે છે અને ત્રીજી વાત એવા આ શેઠ જેવા વિરલા મળી રહે છે. કે જે નિખાલસ માણસને ક્ષમા આપી શકે છે. જીવનમાં ક્યારેય પણ ભૂલ થાય તો નિખાલસતાથી માફી માગી લેવી એ તપ છે. અને તપનું ફળ હંમેશા આપણા લાભમાં જ હોય છે.

સત્સંગ સમાચાર

અધિક માસમાં બહેનોને અમૂલ્ય અધિક લાભ

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર સર્વોપરિ શ્રી નરનારાયણદેવના રૂડા સાંનિધ્યમાં બહેનોની હવેલીમાં સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી એ તા. ૭-૮-૦૪ થી ૧૧-૮-૦૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું અલૌકિક પાન કરાવ્યું. મીઠી મીઠી અમૃતમય વાણીથી સત્સંગીને કેવું જીવન જીવવું જોઈએ એવો ધર્મોપદેશ આપ્યો હતો. તા. ૮-૮-૦૪ના સર્વોપરિ ઘનશ્યામમહારાજની પ્રાગટ્યની કથા કરી ત્યારે તો હજારો બહેનોને સ્વયં છપૈયા ધામના દર્શન અહીં થતા હોય તેવું તાદૃશ દર્શન ખડુ થયું હતું. સમસ્ત બહેનો પ.પૂ. ગાદીવાળાશ્રીના શ્રીમુખેથી પ્રાગટ્યની કથા સાંભળીને અત્યંત ભાવ વિભોર થઈ દેહભાન ભૂલી પ્રભુના સાંનિધ્યમાં ગરકાવ થઈ ગયા હતા ! બાળ ઘનશ્યામનું લાલન પાલન ભક્તિ માતા કેમ કરતા તેનું સુંદર વર્ણન કર્યું ત્યારે તો સ્વયં તેઓશ્રીમાં ભક્તિ માતાના દર્શન સૌને થતા હતા ! અમદાવાદમાં સખત વરસાદમાં પણ બહેનો પ.પૂ. ગાદીવાળાશ્રીની અમૂલ્ય વાણીનો લાભ લેવા દૂર સૂદૂરથી આવતા હતા. હવેલીના ત્રણે માળ ચિક્કાર ભરાઈ જતા હતા. જે બતાવે છે કે બહેનોને પોતાના ગુરુ માટે કેટલી બધી નિષ્ઠા અને પ્રેમ, લાગણી છે.

વીજળીના ઝબકારે મોતી પરોવે તેમ એ અમૂલ્ય વાણીને દરેક નારીઓ ઝીલી લેતી હતી. શ્રીજી મહારાજને કથાવાર્તાનું અંગ હતું. મહારાજ વચનામૃતમાં કહે છે કે જ્યાં કથા વાર્તા થતી હોય ત્યાં અમને સાંભળીને તો એવી મસ્તાની આવી જાય જાણે દિવાના બની જાય ! એવું જ અંગ એવો જ આનંદ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી છે. અને છેલ્લા દિવસે પોતે જણાવ્યું હતું કે અમારે વિષે આ તમારા બધાનો પ્રેમ જોઈને અમોને ખૂબ આનંદ થયો છે કે તમે આવા વરસાદમાં પલળતા આવીને અહીં તમે બધા આવ્યા છો અમને પાંચ વરસનું બાળક હોય કે એંસી વરસના માણસ (બહેનો) હોય તેના ઉપર સરખો જ પ્રેમ લાગણી રહે છે. અમને સત્સંગીનો પ્રેમ તો અમૃત સમાન લાગે છે. 'સબસે ઉંચી પ્રેમ સગાઈ' અને એ વખતનો સમય એ મહિલા મેદની જોઈ શ્રીજી મહારાજ જ્યારે અમદાવાદમાં પધારેલા ત્યાં સવારી નીકળી હતી ત્યારે હેલીનું વર્ણન પ્રેમાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં કર્યું છે.

'જોયા શેરીએ શેરીએ શ્રીનગરની
ચડી જરૂખે જોવા સારુ,
પ્યારાને પુરની ભામીને રે જોયા...'

જ્યારે સવારીમાં મહારાજને જોવા સારું એ શ્રીપુરની નારી જરૂખા પર મેડી અગાસી પર ચડી મહારાજના દર્શન કરતી હતી. અને એ વખતે જેવી એ શ્રીપુરની શોભા લાગતી હતી એવીજ શોભા તે દિવસે લાગતી હતી ! કારણ બહેનોને ક્યાંય બેસવાની જગ્યા નહોતી તેઓ સતત ઉભા ઉભા પણ આવો અલૌકિક લાભ જતો કરવા માગતી ન હતી. આમ કોઈ અધિકમાં આવો અમૂલ્ય દિવ્ય લાભ મહિલાઓને નહીં મળ્યો હોય તેવો લાભ આ અધિકમાં બધાને મળ્યો. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો એ સમય દિવસ ઉત્સવ હતો. આવો લાભ દર વરસે મળતો રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(સાં. મંજુબા, ભારતીબેન હવેલી)

છપૈયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસની ઉજવણી

સર્વોપરિ તીર્થ ધામ શ્રીહરિ પ્રાકટ્ય સ્થાન અલૌકિક છપૈયા ધામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી અત્રે દર્શને પધારેલા ત્યારે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મુંબઈ, ઓરિસ્સા, ધન બાદ વગેરે જગ્યાએથી હરિભક્તો અહીં દર્શનાર્થે આવેલા ત્યારે તેઓએ અહીંયા અભિષેક-અન્નકૂટ દર્શન અને ધર્મવંશી પરિવારના દર્શન કરીને અધિક માસમાં અહીં દર્શન કથાવાર્તા, પારાયણ આદિ લાભ લેવા ઉત્સુક બન્યા હતા.

અત્રેના વયોવૃદ્ધ બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજીની પ્રેરણાથી મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજીના માર્ગદર્શનથી પારાયણના વકતા બ્ર.શા. હરિસ્વરૂપાનંદજી તથા શા.સ્વા. હરિપ્રકાશદાસજી તથા સ્વામી ભક્તિપ્રકાશદાસે એક માસ પર્યન્ત અલગ અલગ શાસ્ત્રોની કથા પારાયણ કરી સૌને સુંદર લાભ આપ્યો હતો. અધિકમાસના ઉત્સવોના મુખ્ય યજમાન ગં.સ્વ. રંજનબેન ધોળકિયા પરિવાર (મુંબઈ) તથા પ્રાસંગિક ઉત્સવોના સહયજમાન મુંબઈ મહિલા મંડળની બહેનોએ લાભ લીધો હતો. તા. ૧૮-૭-૦૪ થી શ્રાવણ સુદ-૧ થી શ્રાવણ વદ અમાસ પર્યન્ત આખા વરસમાં આવતા દરેક ઉત્સવ-સમૈયા, હિંડોળા અને ક્રમે ક્રમે કથા પારાયણો વગેરે ઉત્સવ હરિભક્તોના યજમાનપદથી ધામધુમથી ઉજવાયા હતા. જેના દર્શન અતિ ભવ્ય અને અતિ દિવ્ય હતા. પૂજ્ય મહંત સ્વામી વાસુદેવાનંદજીના સંત-મંડળે ખૂબજ શ્રધ્ધા ભાવથી સેવા કરીને અધિકમાસને અતિ ભવ્યાતિભવ્ય રીતે ઉજવ્યો હતો.

(મહંત બ્ર.સ્વા. વાસુદેવાનંદજી)

કાંકરિયા મંદિરમાં અધિકમાસમાં મારૂતિ યજ્ઞ

અત્રે અધિકમાસમાં શ્રાવણવદ અમાસના તા. ૧૪-૮-૦૪ના રોજ શ્રી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવના સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી મારૂતીયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૬-૩૦ કલાકે બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવનો મહાભિષેક, છપ્પનભોગ ૮-૩૦ કલાકે, સવારે ૯ થી ૧૧-૩૦ અને સાંજે ૪ થી ૫-૩૦ સુધી યજ્ઞ વિધિ સંપન્ન થઈ હતી. ઠાકોરજીના સુંદર શૃંગાર દર્શન પૂજારી સ્વા. દેવ કૃષ્ણદાસજીએ કરાવેલ. અધિક શ્રાવણ વદ સોમવતી અમાસના દિવસે મંદિરના સભા મંડપમાં સમૂહ મહાપૂજા સુંદર રીતે સંપન્ન થઈ હતી. હજારો ભાવિકોએ જેમાં લાભ લીધેલ. વિદ્વાન સંતો અને વિપ્રોએ વિધિ કરાવી હતી. અહીં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના હિંડોળાના દર્શન પૂજારી સંતોએ કરાવ્યા હતા ઓચ્છવ મંડળે સુંદર ઓચ્છવ કરેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવ્યા હતા. અમદાવાદ મંદિરથી ઘણા સંતો આ

પ્રસંગે પધાર્યા હતા. *(પરેશ ભગત)*

ધોળકા મંદિરમાં અધિકમાસ અને હિંડોળા દર્શન

શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા શ્રીમોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી સંતમંડળ અને યુવક મંડળના સાથ સહકારથી અને ધોળકાના શ્રધ્ધાળુ હરિભક્તોના યજમાનપદે એક માસ પર્યન્ત સુંદર અવનવા હિંડોળા વિવિધ પ્રકારના કરીને હરિભક્તોને દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો. *(કોઠારી મનુ ભગત)*

નારાયણઘાટ મંદિરમાં અધિક માસમાં દિવ્ય લાભ

અત્રે સાબરમતીના તીરે આવેલા દિવ્ય પવિત્ર અલૌકિક તીર્થભૂમિ નારણઘાટ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી અને મહંત શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૨-૭ થી ૩૧-૮-૦૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા, હિરના હિંડોળા, હિમાલય દર્શન, સાવન ભાદો, અમરનાથ દર્શન તેમજ વિવિધ પ્રકારના હિંડોળાના દર્શન આખો માસ દરમ્યાન લાખો હરિભક્તોએ કર્યા હતા. સમસ્ત ધર્મકુળ પરિવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. બાળ લાલજી મહારાજ અને પૂજ્ય શ્રીરાજા સહિત સૌ દર્શનાર્થે પધારીને અતિ રાજી થઈ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા હતા. *(મુક્તરાજ સ્વામી)*

બાવળા મંદિરમાં અધિકમાસની ઉજવણી

અત્રે આપણા બાવળા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પૂજ્ય ધ્યાની સ્વામીની શુભ પ્રેરણાથી મહંત સ્વામી ભક્તવત્સલદાસજીએ અધિક માસમાં હિમાલય દર્શન પ્રદર્શન તા. ૯-૮-૦૪ ના રોજ ખુલ્લા મુકવામાં આવ્યા હતા. શ્રીહરિના વન વિચરણના અદ્‌ભૂત દર્શનનો લાભ લઈ અત્રેના હરિભક્તો ખૂબજ આનંદિત થયા હતા. *(કોઠારી ગુણવંતભાઈ)*

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસમાં વર્ષ દરમ્યાન આવતા દરેક ઉત્સવો ધામધુમથી ઉજવ્યા હતા. અને આખો માસ વિવિધ પ્રકારના હિંડોળાના દર્શન કરાવ્યા હતા. પંડિત મુકેશ શાસ્ત્રીના વક્તાપદે અને શ્રી આનંદ સ્વરૂપ અગ્રવાલ શેઠના યજમાન પદે શ્રીમદ્ ભાગવત પારાયણ યોજવામાં આવી હતી. સ્થાનિક ધર્મપ્રેમીજનોએ અને યાત્રિકો દર્શન કરી ધન્ય બન્યા હતા. પૂજારી સ્વામી સર્વેશ્વરદાસની સુંદર સેવા રહી હતી.

(મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજી)

સિધ્ધપુર મંદિર

શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુરમાં શ્રીધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજના રૂડા સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજીની પ્રેરણાથી પુરુષોત્તમ માસમાં આખો માસ ઉત્સવો ઉજવી સૌને દર્શન કરાવ્યા હતા. તુલસી વિવાહના યજમાન પ.ભ. ભીખાભાઈ માંડલીયા રહ્યા હતા. સમૂહ મહાપૂજાનું પણ આયોજન કર્યું હતું. સંત મંડળે સુંદર કરી હતી.

(સ્વા. ચંદ્રપ્રકાશદાસ)

પ્રાંતીજ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી પવિત્ર અધિક માસમાં શ્રીમદ્ ભાગવત પારાયણ પ.ભ. ચંદ્રકલાબેન મંગળપ્રસાદ જોશીના યજમાન પદે અને શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. હરિભક્તો કથા શ્રવણ દેવદર્શન કરી ખૂબજ ધન્ય બન્યા હતા. પ.ભ. બાબુભાઈ એમ. શાહ (ટ્રસ્ટી)ની ૩૫ વર્ષની સેવાના કદર રૂપે સન્માનીત કરવામાં આવ્યા હતા. અનેક સંત હરિભક્તોએ તેમની સેવાને બિરદાવી હતી.

મહંત સ્વા. આનંદજીવનદાસ, હિંમતનગર

હિંમતનગર મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૮-૦૪ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સત્સંગ સભા પ્રસંગે પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સંત હરિભક્તોએ દર્શન આશીર્વાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. મહંત સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. *મહંત સ્વામી*

ઉનાવા મંદિર

શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહંત સ્વામી હરિવલ્લભદાસજીની પ્રેરણાથી અધિકમાસમાં દરેક તિથિવાર ઉત્સવો ધામધુમથી ઉજવ્યા હતા. પુરુષોત્તમ માહાત્મયની કથા શા.સ્વા. ધર્મવલ્લભ-દાસજીએ સુંદર વાણીમાં કરીને સૌને દર્શન, કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

(પરેશ ભગત)

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયની શુભેચ્છિત મુલાકાતે પધારેલા પ.પૂ. લાલજી મહારાજશ્રી

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર અક્ષરમહોલ વાડીમાં બન્ને ગાદીના નાના નાના વિદ્યાર્થી સંતો-પાર્ષદો અને વિપ્ર બટુકોની સાથે પૂજ્ય લાલજી મહારાજશ્રી બાળક જેવા બની જેમ માતા પોતાના બાળકને માતૃત્વમાં વાત્સલયમાં અવગાહન કરાવે તેમ પૂ. મહારાજશ્રીએ મંદ મંદ હાસ્ય યુક્ત મુખાકૃતિથી વિદ્યાર્થી સંતોને આનંદિત કર્યા હતા. જેમ દૂર રહેતા દીકરાની પોતાના મા-બાપ હૃદયના ઉમળકાથી ખબર અંતર પૂછે તેમ બાલ્યાવસ્થામાં જ જેમણે પોતાની જનનની જન્મભૂમિ અને સ્વજનનો ત્યાગ કરી શ્રીહરિને સમર્પિત થયા બાદ પોતાના માતા તુલ્ય ગુરુ અને ગુરુભાઈનો તેમજ સ્વસ્થાનકનો ત્યાગ કરી જીવન સાફલ્યની સિધ્ધિના શિખરને સર કરાવે તેવી દેવભાષા સંસ્કૃતની સાધનામાં રચ્યા પચ્યા રહેતા સંતોને પૂજ્ય લાલજી મહારાજનું એકદમ નિકટ પણું પ્રાપ્ત થતા સ્વજીવનને ધન્ય બનાવ્યું. પૂજ્ય લાલજી મહારાજશ્રીની

આજ્ઞા-પ્રેરણા તથા જેતલપુર મંદિરના મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય પી.પી. સ્વામી, મહંત કે.પી. સ્વામીના માર્ગદર્શનથી વિદ્યાર્થી સંતો દ્વારા સત્સંગ ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ પૂજ્ય લાલજી મહારાજશ્રીને આપતા તેઓશ્રી ખૂબજ પ્રસન્ન થયા હતા. નાના સંતોએ સુંદર જોશીલી ભાષામાં સ્વ પરિચય આપીને રાજી કર્યા હતા. ત્યારબાદ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે વિદ્વતાની સાથે સાથે સાધુતાના પાઠ ભણી સત્સંગ તથા સમાજની ખૂબ જ સેવા કરો એવી સર્વોપરિ શ્રી નરનારાયણદેવના ચરણમાં અમારી હૃદયપૂર્વકની પ્રાર્થના છે. છેલ્લે સંતોએ બનાવેલ થાળ જમી અતિ આનંદ પામ્યા હતા. કુલ ૬૦ સંતો-પાર્ષદો અને બ્રાહ્મણ બટુકો હાલ અત્રે અભ્યાસ કરે છે. અત્રે સુદ ૧૧ થી વદ એકાદશી હરિજયંતી તથા શનિ રવિ નીચેના ગામોમાં ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી સત્સંગ સભા કરવામાં આવી હતી. જેનાથી હરિભક્તો ખૂબજ રાજી થયા હતા. પૂજ્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર મંદિરના મહંત સ્વામી દ્વારા થતી સત્સંગ ઉત્કર્ષની આવી પ્રવૃતિને બિરદાવી હતી. આ રીતે દર મહિને સત્સંગ સભાઓ થાય છે.

૧. પીંગળજ ૨. મહિજડા ૩. નવાગામ ૪. કલોલી ૫. બારેજા ૬. નારાયણનગર ૭. મલાતજ ૮. મહીજ ૯. બદરખા ૧૦ ભાત ૧૧ કાશીન્દ્રા ૧૨ ચલોડા ૧૩. નાઝ ૧૪. મિરોલી ૧૫. વસઈ ૧૬. પાલડી કાંકજ ૧૭. જીવરાજપાર્ક ૧૮. સેટેલાઈટ ૧૯. વાડજ ૨૦. મેઘાણીનગર ૨૧. અસલાલી ૨૨. ગામડી ૨૩. વારસંગ ૨૪. વડાલા ૨૫. મનીપુર ૨૬. સાણંદ ૨૭. ખેડા ૨૮. ગોધાવી ૨૯. ભાઉપુરા વગેરે ગામોમાં સભાઓ થઈ હતી.

(ચાલકશ્રી શા.સ્વા. હરિઓમપ્રકાશદાસ)

એપ્રોચ (બાપુનગર) મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અધિક શ્રાવણ માસમાં કલાત્મક વિવિધ પ્રકારના હિંડોળાના દર્શન હરિભક્તોને કરાવ્યા હતા. તા. ૭-૮-૦૪ના સમૂહ મહાપૂજા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સાથે પૂ. મહંત સ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

એપ્રોચ (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર (શિખરબધ્ધ) મૂર્તિ પ્રતિષ્ઠા અંગે

શ્રી નરનારાયણદેવ દેશ પૂર્વ વિસ્તારનું અત્રે નવ્ય ભવ્ય શિખર બધ્ધ મંદિર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને સીધી દેખરેખ હેઠળ પૂર્ણ થવાના આરે છે. આગામી માર્ચ ૨૦૦૫ તા. ૨-૩-૨૦૦૫ના મૂર્તિ પ્રતિષ્ઠા નિયત કરવામાં આવેલ છે. જેમાં શ્રી નરનારાયણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા સંપન્ન થશે. આ પ્રસંગમાં યજમાન બનવા માટે એપ્રોચ મંદિરના સ્વામી લક્ષ્મણજીવનદાસજીનો સંપર્ક કરવો. ફોન : ૨૨૭૪૯૦૮૪ મહાપૂજા વિધિ શ્રી ગોપાળભાઈ શાસ્ત્રીએ કરાવી હતી. *(ગોરધનભાઈ સીતાપરા)*

કર્મશક્તિ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ભક્તિનંદનદાસજીની પ્રેરણાથી અત્રે અધિક માસમાં તા. ૮-૮-૦૪ના વિષ્ણુયાગ તથા સમૂહ મહાપૂજા અને સત્સંગ સભા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થઈ હતી. પૂ. નાના પી.પી. સ્વામીએ સભા સંચાલન કર્યું હતું. હરિભક્તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્ય બન્યા હતા. *(ગોરધનભાઈ સીતાપરા)*

ગોમતીપુર મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧-૮-૦૪ના સાંજે ૮ થી ૧૦-૩૦ ભવ્ય સત્સંગ સભા યોજવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સભામાં સંતોએ વિદ્વતા પૂર્ણ શ્રીહરિના મહિમાની વાતો કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

મીઠાખળી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને પૂજ્ય મહંત સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી અમદાવાદના મીઠાખળીમાં આવેલા ૧૧૫ વર્ષ પુરાતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સહયોગથી કથાવાર્તા-ધૂન કીર્તન ભક્તિ સંતો હરિભક્તો કરીને સુંદરલાભ આપે છે. અહીં દર બીજા ગુરુવારે રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સત્સંગ સભા થાય છે.
સંપર્ક : શ્રી નંદુભાઈ ૯૮૨૪૪૫૦૨૨૯
વિનોદભાઈ ૨૨૧૪૧૪૦૦

મોડાસા મંદિર

અત્રે મોડાસા શ્રી સ્વામિનારાયણ મંદિર (સોનીવાડા)માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી શા.સ્વા. હરિજીવનદાસજી અને શા.સ્વા. છપૈયાપ્રસાદદાસે અધિક માસમાં દશમસ્કંધ અને સત્સંગિ ભૂષણની કથા કરીને હરિભક્તોને જ્ઞાનામૃતનો લાભ આપ્યો હતો.

(પ્રજાપતી કાંતિલાલ)

શહેરામાં સત્સંગ સભા

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોઠંબા દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરવામાં આવી હતી. સાથે સંચાલકશ્રીની નિમર્ણુક કરી હતી. ત્યારબાદ સત્સંગ સભા સંપન્ન થઈ હતી.

(અશ્વિનભાઈ કોઠંબા)

ગોધાવી (તા. સાણંદ)

અત્રે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)માં અધિક માસમાં દરરોજ પ્રભાત ફેરી અને ધૂન ભજન કીર્તન અને સત્સંગ સભા કરવામાં આવી હતી.

કરવીરનગર કોલ્હાપુર (મહારાષ્ટ્ર)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણકાર્યના પુષ્ટિ કાજે સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તા. ૧-૮-૦૪ થી ૭-૮-૦૪ દરમ્યાન મહંત શા. ઈશ્વરજીવનદાસજી (ધરિયાવદ)ના વક્તાપદે અને પટેલ

એન્ટરપ્રાઈઝ મુંબઈ (મેતપુરવાળા)ના યજમાન પદે સરસ રીતે સંપન્ન થઈ હતી. અત્રેના ભાવિકોએ કથામૃતનો લાભ લઈ મંદિર માટે સેવા કરવા તત્પર થયા હતા.

(શ્રી સ્વા.સ. મંડળ કોલ્હાપુર)

હેબતપુર (તા. વિરમગામ)

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી વિરમગામ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે હેબતપુર ગામે (સ.ગુ. પૂર્ણાનંદ સ્વામીનું જન્મ સ્થાન) સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શા.સ્વા. છપૈયાપ્રસાદદાસ અને યુવક મંડળે પવિત્રા એકાદશીના દિવસે ભજન, કીર્તન અને કથાવાર્તા રૂપી જ્ઞાન પિરસ્યુ હતું. અને શ્રીહરિ સમકાલિન સ.ગુ. પૂર્ણાનંદ સ્વામીની સ્મૃતિઓને સંભારીને તેમના પૂર્વાશ્રમ વંશજ પણ સભાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(શા. છપૈયાપ્રસાદ)

ઘ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટના શૈક્ષણિક સમાચાર

શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્યા મંદિર (ગુજરાતી માધ્યમ)નું ગૌરવ

અમદાવાદ શહેર અને જીલ્લા કક્ષાએ યોજાયેલ સ્વીમીંગ સ્પર્ધામાં સુથાર રૂતા ઉમેશભાઈ ૬ + ૧૦૦ મી. બેક સ્ટ્રોકમાં પ્રથમ અને પટેલ નિધી નરેન્દ્રભાઈ (૭અ) ૨૦૦ મી. બેક સ્ટ્રોકમાં પ્રથમ નંબર મેળવેલ છે. ૧૫ ઓગસ્ટની યોજાયેલ ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ ચતુર્થ તત્કાળ બાળ સ્પર્ધામાં અમદાવાદ શહેરમાંથી (આપણી સ્કુલની ધો.-૪) પ્રાચી પ્રકાશકુમાર શાહે પ્રથમ નંબર મેળવ્યો છે. જે શ્રી સહજાનંદ સ્કુલ (ગુજરાતી માધ્યમ)ના પ્રિ. શ્રી સુરેખા મેડમની મહેનત માર્ગદર્શનથી આવી સિદ્ધિ મેળવવા વિદ્યાર્થીઓ યશભાગી થયા છે.

વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે.

મકાખાડ મંદિર

શ્રી સ્વામિનારાયણ મંદિર મકાખાડમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી સ્વામી ગોપાલદાસજીની સ્મૃતિમાં સ.ગુ. રામ સ્વામી (વિદ્યાધામ હાથીજણ)ના માર્ગદર્શનથી ચૌધરી પરિવારના હરિભક્તોએ તા. ૨૪-૭-૦૪ થી ૩૦-૭-૦૪ દરમ્યાન સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) એ સમધુર કંઠે કરાવીને ખાસ યુવાનોને વ્યસન મુક્ત કરવાની ઝુંબેશમાં ઘણા યુવાનોએ વ્યસન ત્યજ્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને સૌને દર્શન-આશીર્વાદનો અલૌકિક લાભ આપ્યો હતો. *(ચૌધરી કાળાભાઈ છગનભાઈ)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિરમાં થયેલા ભવ્ય હિંડોળા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ અને હવેલીમાં નિત્યે વિવિધ પ્રકારના હિંડોળાના અદ્‌ભૂત દર્શન કરાવવામાં આવ્યા હતા. મહંત સ્વામી મુકુન્દપ્રસાદદાસજી અને ઠાકોરજીના પૂજારી સ્વામી જયપ્રકાશદાસ ગુરુ સ્વા. હરિસ્વરૂપદાસજીની પ્રેરણાથી સુંદર આયોજન થયું હતું. *- નિલેશ ગજ્જર*

દેરાચારી (રણજીતગઢ - તા. હળવદ)

અત્રે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તા. ૧૬-૮-૦૪ના રોજ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીજી સ્વામી, સ્વા. વિશ્વવિહારીદાસ, સ્વા. ભક્તિ વિહારીદાસ આદિ સંત મંડળે શ્રીહરિનો મહિમા અને આ પ્રસાદીના ગામનો મહિમા વર્ણવીને કથા-વાર્તા ધૂન કર્યા હતા. આજુબાજુના ગામોના હરિભક્તો લાભ લેવા આવ્યા હતા.

(તાર બુંદીયા રમેશકુમાર એમ.)

વિદેશ સત્સંગ સમાચાર

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન I.S.S.O. ચેપ્ટર)

૩૧ જુલાઈના શનિવારે સાંજે ૩ કલાક નિયમિત થતી સત્સંગ સભામાં કથા વાર્તા ધૂન ભજન-નિત્ય નિયમ સમૂહમાં કર્યા હતા. હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા પધારેલા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *- કનુભાઈ પટેલ*


શ્રી સ્વામિનારાયણ મંદિર બામરોલી (મધ્ય પ્રદેશ) બદલાયેલ ફોન નંબર (૦૭૫૩૨) ૨૪૦૮૭૫

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૫૦૧-૦૦	પ.ભ. વલ્લભભાઈ ભૂરાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણીયા
૧૦૧-૦૦	પ.ભ. જીતેન્દ્રકુમાર વલ્લભભાઈના પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણીયા
૧૦૫-૦૦	પ.ભ. ચૌધરી હીરાબેન ગેમરભાઈના સ્મરણાર્થે	માણેકપુર
૧૦૦-૦૦	પ.ભ. નરેન્દ્રભાઈ મોહનભાઈ પટેલ શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ સ્ટાફ તરફથી	ટ્રેન્ટ
૧૦૧-૦૦	પ.ભ. શામજીભાઈ ગોવિંદભાઈ પોરીયા નવી ગાડી ખરીદી તે નિમિત્તે	
૧૦૧-૦૦	પ.ભ. બહાદુરસિંહ અનુભા ઝાલા ચિ. નરેન્દ્રસિંહ આઈ.ટી. એન્જીનીયર ફાઈનલમાં ૮૬%એ પાસ થયા તે નિમિત્તે	પંચાસર
૧૦૧-૦૦	પ.ભ. દિનેશભાઈ ભૂલાભાઈ પટેલ ચિ. પ્રિયકાન્તની સગાઈ પ્રસંગે	(કનીપુરવાળા) સરસપુર

૧૦૧-૦૦	અ.નિ. ભગાભાઈ હરગોવિંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૨૨૩-૦૦	પ.ભ. પટેલ જોઈતાભાઈ શીવાભાઈ ચિ. આશાબેન બી.એ.એમ.એડ.માં ૭૪ ટકા	મોખાસણ
	ચિ. અલકાબેન એસ.વાય.બી.કોમમાં ૬૩ ટકા અને ચિ. શીતલબેન ટી.વાય.બી.કોમમાં ૫૫ ટકાથી પાસ થયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	પ.ભ. પટેલ નારણભાઈ રામજીભાઈ નવા મકાન પ્રસંગે	ધરમપુર
૧૦૧-૦૦	પટેલ અભિષેક ઘનશ્યામભાઈ ૬ઠ્ઠી જુલાઈના જન્મદિવસ નિમિત્તે	માણેકપુર
૧૦૧-૦૦	દેવલ મફતલાલ પટેલ ટી.વાય.ફાર્મસીમાં પાસ થયા તે નિમિત્તે	માણેકપુર
૧૦૦-૦૦	નિધિ મુકેશકુમાર પરમાર વર્ષગાંઠ નિમિત્તે	નવા વાડજ
૧૫૧-૦૦	પ.ભ. ભાવસાર રસિકલાલ નાનાલાલ ચિ. રજનીશના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. પટેલ નિલેષકુમાર રમેશચંદ્ર ઈંગ્લેન્ડના વીઝા મળ્યા તે નિમિત્તે	
૧૫૦-૦૦	પ.ભ. મૃગેશકુમારને ત્યાં પુત્રીના શુભ જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ વીબીનકુમાર શનાભાઈ ચિ. ઘનશ્યામ ધોરણ-૩માં ત્રીજા નંબરે પાસ થયો તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦	પટેલ સોનુ જીગ્નેશભાઈ નવુ એકટીવા લાવ્યા તથા ચિ. બીજલબેનને જોબ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. સંજય સી. શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૨૫૧-૦૦	અ.નિ. બ્રીજેશ ઘનશ્યામભાઈ પટેલની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે	(ઉવારસદવાળા) અમદાવાદ
૨૦૧-૦૦	પ.ભ. પટેલ ભીખાભાઈ મોહનદાસ ઈન્દ્રવદનને અમેરિકાના વીઝા મળ્યા તે નિમિત્તે	હાંસોલ
૧૦૧-૦૦	પટેલ પ્રેયાબેન જનકકુમાર જન્મદિવસ પ્રસંગે	કપડવંજ
૧૦૧-૦૦	પ.ભ. વોરા કૈલાંસબેન એમ. અન્નક્ષેત્ર નિમિત્તે	ભુજ
૧૦૧-૦૦	પટેલ શિલ્પાબેન કમલેશભાઈ નવુ એકટીવા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	કમલેશભાઈ ભાઈલાલભાઈ પટેલ ઈટરનો લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	પ.ભ. હરિશભાઈ લલ્લુભાઈ સુહાગીયા શ્રીહરિકૃપાથી લંડનના વીઝા મળ્યા તે નિમિત્તે	દામનગર ગુરુકુલ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ સુશીલકુમાર સોમાભાઈ તા. ૨૯-૭-૦૩ ચિ. ક્રિષ્નાના જન્મ દિવસ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. પાઠક મહર્ષિ ભૂપેન્દ્રભાઈ પ.પૂ. બાળલાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે	જેતલપુર
૧૦૧-૦૦	પ.ભ. પ્રવિણભાઈ ટી. પટેલ (શ્રધ્ધા કેસેટ ફું.) પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પ્રજાપતિ લવજીભાઈ જશમતભાઈ ચિ. પ્રકાશની સગાઈ કરી તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	પ.ભ. અમીત એચ. ચિ. હિમાલી તથા ચિ. હાર્દિક ધો.-૧૨માં પાસ થયા તે નિમિત્તે	ચલોડા - અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. રાઠોડ છગનલાલ મુળજીભાઈ ચિ. જયેશનું સગપણ ચિ. મીના સાથે કર્યું તે નિમિત્તે	પારલા-મુંબઈ
૨૫૧-૦૦	પ.ભ. પટેલ શાંતાબેન અમૃતલાલ તથા અલ્પેશને કેનેડાના વીઝા મળ્યા તે નિમિત્તે	(સોજાવાળા) અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. અમીન શાંતાબેન શંભુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અસલાલી
૧૦૧-૦૦	પ.ભ. ખેર લાભુભાઈ નારણભાઈ ચિ. દીપા ધો.-૧૨માં ૮૦ ટકાએ પાસ કરી પી.ટી.સી.માં પ્રવેશ નિમિત્તે બળોલવાળા	
૧૧૧-૦૦	પ.ભ. ચોડવડીયા અશોકભાઈ ગોકળભાઈના ચિ. ધાર્મિકને સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	પ.ભ. સોની સરોજબેન અમરીષકુમાર ચિ. હિતેશકુમારને નોકરી મળી તે નિમિત્તે	ઈસનપુર-અમદાવાદ
૧૦૧-૦૦	કૃણાલ બળદેવભાઈ પટેલ ચિ. શેફાલી બળદેવભાઈ જન્મ તિથિ નિમિત્તે	
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા ગોવિંદભાઈ આર. શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ મહેન્દ્રભાઈ ગોપાલદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦	પ.ભ. રામપરીયા હિતેન્દ્ર અમરશી ચિ. માનવને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા પટેલ જીતેન્દ્રકુમાર દશરથલાલ ચિ. ધ્રુવના જન્મ પ્રસંગે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. કા.પ. જીતેન્દ્રકુમાર દશરથલાલ ચિ. સ્મિત ધો.-૧માં ઈંગ્લીશ મીડીયમમાં પાસ થવા નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૦-૦૦	પ.ભ. નાયક સરોજબેન રાજેન્દ્રકુમાર નવો ફ્લેટ ખરીદ્યો તે નિમિત્તે	
૧૦૧-૦૦	પ.ભ. મહેતા અશ્વિનભાઈ અંબાલાલ પૌત્ર તેજ કેતન મહેતાના જન્મ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. રાહુલકુમાર ભાગવત સમાહ નિમિત્તે	મહેસાણા

?????????????પ્રશ્નપેટી?????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામી (જેતલપુર ગુરુકુળ)

પ્રશ્ન : ૧ જેતલપુરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન જે બહેનના ઢેબરાં જમ્યા હતા તે બહેન ક્યા ગામના હતા અને કોણ હતા ?
પ્રશ્ન : ૨ ઘનશ્યામ મહારાજના પિતાજીએ કઈ સાલમાં દેહનો ત્યાગ કર્યો હતો ?
પ્રશ્ન : ૩ ઘનશ્યામ મહારાજે "શ્રીહરિ ગીતા" ક્યા પ્રકરણમાં કેટલા ભાગમાં કોને કહી હતી ?
પ્રશ્ન : ૪ સત્સંગિ જીવન શાસ્ત્રમાં માન દોષથી ક્યા ક્યા રાજાઓનો પરાભવ થયો છે ?
પ્રશ્ન : ૫ "રે સગપણ હરિવરનું સાચું બીજુ સર્વે ક્ષણભંગુર કાચું, રે સગપણ" - આ કીર્તનની બ્રહ્માનંદ સ્વામીએ ક્યા પ્રસંગે રચના કરી હતી ?
પ્રશ્ન : ૬ સ્વામિનારાયણ ભગવાને સ્ત્રીનો વેશ કેટલી વખત ધારણ કર્યો છે અને ક્યાં ?
પ્રશ્ન : ૭ સત્સંગિજીવન શાસ્ત્રનાં કેટલા પ્રકરણ છે ? કેટલા અધ્યાયો છે કેટલા શ્લોકો છે ?
પ્રશ્ન : ૮ ભાગવતજીના ક્યા સ્કંધમાં મત્સ્યાવતારની કથા આવે છે ?
પ્રશ્ન : ૯ ગણિત શાસ્ત્ર પ્રમાણે અધિકમાસ ક્યારે આવે છે ?
પ્રશ્ન : ૧૦ શ્રીમદ્ ભાગવતના પંચમ અને દશમસ્કંધનું રહસ્ય સ્વામિનારાયણ ભગવાને ક્યા વચનામૃતમાં વિગતવાર સમજાવ્યું છે ?
નોંધ : પ્રશ્ન પેટીના જવાબો છેલ્લામાં છેલ્લા ૨૫ તારીખ સુધીમાં સાચા જવાબો મળશે તે પ્રકાશીત થશે.

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ અધિક શ્રાવણ માસની ચાદી

અધિક શ્રાવણ સુદી-૧ પ.ભ.અ.નિ. લલિતાબેન નરોત્તમદાસ મહેતા, અમદાવાદ. પ.ભ. બાબરભાઈ સોમાભાઈ પટેલ, વાવોલ. પ.ભ. રૂડા કેસરા હીરાણી, માનકુવા-કચ્છ. **અધિક શ્રાવણ સુદી-૨** પ.ભ. ભગુભાઈ આદરભાઈ પટેલ, ઉનાવા. **અધિક શ્રાવણ સુદી-૪** પ.ભ.અ.નિ. ભજનપ્રકાશદાસ સ્વામી. **અધિક શ્રાવણ સુદી-૭** પ.ભ. ધનબાઈ કેશવબજી કેરા. **અધિક શ્રાવણ સુદી-૮** પ.ભ. પ્રવિણભાઈ ભોળાભાઈ પટેલ. પ.ભ. શંકરભાઈ જયચંદભાઈ, જેસીંગપુરા. પ.ભ. ઈશ્વરભાઈ મગનલાલ. **અધિક શ્રાવણ સુદી-૧૦** બપોરની કુલ મંડળી. **અધિક શ્રાવણ સુદી-૧૨** શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ, નિકોલ ગામ. પ.ભ. રમણલાલ મણીલાલ દાણી. પ.ભ. ઘનશ્યામભાઈ જગજીવનદાસ. **અધિક શ્રાવણ સુદી-૧૩** પ.ભ. પટેલ નંદુલાલ ડાહ્યાભાઈ, ઝુંડાલ. **અધિક શ્રાવણ સુદી-૧૫** પ.ભ. રતીભાઈ રમણભાઈ પટેલ, કાળીગામ. પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજજર, અમદાવાદ.
અધિક શ્રાવણ વદી-૧ પ.ભ. શારદાબેન નંદુભાઈ પટેલ. પ.ભ. પ્રવિણભાઈ વિરમભાઈ, ડેમાઈ. પ.ભ. ગણપતલાલ મણીલાલ ભાવસાર. **અધિક શ્રાવણ વદી-૫** પ.ભ.અ.નિ. માધુભાઈ રેવાભાઈ પટેલ, ડેમાઈ. **અધિક શ્રાવણ વદી-૭** પ.ભ. લાલભાઈ પ્રાણભાઈ પટેલ, ઉનાવા. પ.ભ. રમાબેન ઠાકરશીભાઈ મીસ્ત્રી. **અધિક શ્રાવણ વદી-૮** પ.ભ. રમણભાઈ ચતુરભાઈ પટેલ, પોર. પ.ભ. પટેલ ગાંડાભાઈ કાળીદાસ. **અધિક શ્રાવણ વદી-૧૨** પ.ભ. મફતલાલ ગોવિંદભાઈ પટેલ, વાવોલ. **અધિક શ્રાવણ વદી-૧૩** પ.ભ. વિઠ્ઠલભાઈ આદરભાઈ પટેલ, ઉનાવા. **અધિક શ્રાવણ વદી-૧૪** પ.ભ. લક્ષ્મણસિંહ સરદારસિંહ ડાભી, ડાંગરવા. **અધિક શ્રાવણ વદી-૩૦** પ.ભ. પટેલ વિક્રમભાઈ ઈશ્વરભાઈ, અસલાલી. પ.ભ. કરસનભાઈ જોઈતારામ, અમદાવાદ. પ.ભ. નારંગીબેન છગનલાલ ડગલી, બરવાડા.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ નારણપુરા : પ.ભ. હિરાભાઈ જોઈતારામ પટેલ (ઉમા ટ્રાન્સપોર્ટ વાળા) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. સંપ્રદાયમાં અને શ્રી નરનારાયણદેવ દેશમાં તેમની ખૂબજ સેવા હતી. તેમના અક્ષરવાસથી સત્સંગમાં મોટી ખોટ પડી છે.
માણસા : પ.ભ. કનૈયાલાલ રમણલાલ મોદી તા. ૨૭-૭-૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.
મોડાસા : પ.ભ. ફતાભાઈ છબાભાઈ સગર તા. ૧૭-૮-૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મોડાસાના સત્સંગને મોટી ખોટ પડી છે.
મેઘાણીનગર અમદાવાદ : પ.ભ. જાદવભાઈ દેવશીભાઈ બાબરીયા તા. ૨૫-૭-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.
ગોધરા (પંચમહાલ) : શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું) પૂજારી પા. જસવંત ભગત ગુરુ અ.નિ. શા.સ્વા. કૃષ્ણકેશવદાસજી તા. ૫-૮-૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.
ગોધરા : શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) પૂજારી સાંખ્યયોગી ભીખીબેન ગુરુ અ.નિ. દિવાળીબા તા. ૪-૮-૦૪ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


વામન દર્શન


કુંજગલી દર્શન



હિમાલય દર્શ



ગ્વાલ બાલ દર્શન


શિક્ષાપત્રી જયંતી ઉત્સવ



ફુલના હિંડોળા


શાકોત્સવ દર્શન

અમદાવાદ મંદિર અધિકમાસમાં વિવિધ ઉત્સવોના દર્શન


છપૈયા દર્શન


વિષ્ણુયાગ દર્શન





લેસ્ટર (યુ.કે. ISSO) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત વિશાળ ભવ્ય શોભાયાત્રામાં દર્શન આપતાં આપણા પૂ. મહારાજશ્રી

લેસ્ટર મંદિર મૂર્તિપ્રતિષ્ઠાના મુખ્ય યજમાન પ.ભ. હરિશભાઇ ગોવિંદભાઇ પટેલ



લેસ્ટર મંદિરમાં કથામૃતપાન કરાવતાં પૂ. યોગેન્દ્રભાઈ ભટ્ટ



ઓલ્ડહામમાં પૂ.મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. હિતેશભાઈ ભૂડિયાને ત્યાં પધારેલા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (જેઓ ષષ્ઠિપૂર્તિ જ્ઞાનયજ્ઞ પારાયણના સહયજમાન હતા.)



Praful Kharsani